dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-184 | AD-2025, Chaitra Sud-12 | Wednesday, Dt.09-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કોંગ્રેસ રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર બાબાસાહેબ આંબેડકરનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો

# ગુજરાતમાં કોંગ્રેસ અધિવેશનનો પ્રારંભ : સરદાર પટેલ પર પ્રસ્તાવ પસાર

અમદાવાદ,તા.૮

ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ કોંગ્રેસ અધિવેશન મળ્યું છે. અમદાવાદમાં આજે(૮ એપ્રિલ) સરદાર સ્મારક ખાતે બપોરના ૧૧.૫૦ વાગ્યાથી ૩.૫૦ વાગ્યા સુધી કોંગ્રેસની CWCની બેઠક મળી હતી. ૧૫૮ સભ્યોની હાજરી સાથે ૪ કલાક ચાલેલી બેઠકમાં સરદાર પટેલ પર એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. તેમજ આખી બેઠકમાં સરદાર જ કેન્દ્ર સ્થાને રહ્યા હતા. આ બેઠક બાદ તમામ CWC સભ્યોને LIFE બુક આપવામાં આવી હતી. બાદમાં સરદાર સ્મારક બહાર નેતાઓનું ફોટો સેશન થયું હતું.

અગાઉ CWCની બેઠકના પ્રારંભે રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેએ જણાવ્યું કે, કોંગ્રેસ ૧૪૦ વર્ષના ઈતિહાસમાં જે પ્રાંતોમાંથી સૌથી વધુ શક્તિ મળી તેમાં ગુજરાત અવ્વલ છે. આજે અમે ફરી અહીંથી પ્રેરણા અને શકિત લેવા આવ્યા છીએ. અમારી અસલી શક્તિ દેશની એકતા-અખંડિતતા તથા સામાજિક ન્યાયની વિચારધારા છે.ગાંધીજીએ આપણને અન્યાય સામે સત્ય અને અહિંસાનું શસ્ત્ર આપ્યું.' આ એટલું મજબૂત વૈચારિક શસ્ત્ર છે કે કોઈ પણ શક્તિ તેની સામે ટકી શકતી નથી. 'કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ આ વર્ષે ૩૧ ઓક્ટોબરે છે.' જવાહરલાલ નહેરુ તેમને ''ભારતની એકતાના સ્થાપક'' કહેતા હતા. આપણે દેશભરમાં તેમની ૧૫૦મી જન્મજયંતિ ખૂબ જ ઉત્સાહથી ઉજવીશું. તેમણે આરોપ લગાવ્યો કે છેલ્લા ઘણા વર્ષોથી ઘણા રાષ્ટ્રીય નાયકો



વિરુદ્ધ એક સુનિયોજિત કાવતરું ઘડવામાં આવી રહ્યું છે.ખડગેએ કહ્યું કે, દેશમાં ૧૪૦ વર્ષથી સેવા અને સંઘર્ષનો ગૌરવશાળી ઈતિહાસ ધરાવતી કોંગ્રેસ પાર્ટી વિરુદ્ધ વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું, 'આ કામ એવા લોકો કરી રહ્યા છે જેમની પાસે પોતાની સિદ્ધિઓ બતાવવા માટે કંઈ નથી.' સ્વતંત્રતા સંગ્રામમાં મારા યોગદાન વિશે બતાવવા માટે કંઈ નથી. ભાજપ અને આરએસએસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું, 'તેઓ સરદાર પટેલ અને પંડિત નેહરુ વચ્ચેના સંબંધોને એવી રીતે દર્શાવવાનું કાવતરું ઘડે છે કે જાણે બંને નાયકો એકબીજાની વિરુદ્ધ હોય.'જ્યારે સત્ય એ છે કે તેઓ એક જ સિક્કાની બે બાજુ હતા. ઘણી ઘટનાઓ અને દસ્તાવેજો તેમના સૌહાર્દપૂર્ણ સંબંધોના સાક્ષી છે.તેમણે કહ્યું, 'તમે આના પરથી સમજી શકો છો કે સરદાર નેહરુજીને કેટલો પ્રેમ કરતા હતા.' ૧૪ ઓક્ટોબર ૧૯૪૯ ના રોજ સરદાર પટેલે કહ્યું હતું કે છેલ્લા બે મુશ્કેલ વર્ષોમાં નેહરુજીએ દેશ માટે જે અથાક પ્રયાસો કર્યા છે તે મારાથી વધુ સારી રીતે કોઈ જાણતું નથી. આ સમયગાળા દરમિયાન, મેં તેમને મોટી જવાબદારીઓના બોજ હેઠળ ખૂબ જ ઝડપથી વૃદ્ધ થતા જોયા છે. તેમણે કહ્યું, 'મિત્રો, સરદાર પટેલની વિચારધારા આરએસએસના વિચારોથી વિપરીત હતી. તેમણે આરએસએસ પર પ્રતિબંધ પણ લગાવી દીધો હતો. પરંતુ આજે તે સંગઠનના લોકો સરદાર પટેલના વારસાનો દાવો કરે છે તે હાસ્યાસ્પદ છે' ખડગેએ ભારપૂર્વક કહ્યું, 'સરદાર પટેલ સાહેબ આપણા હૃદય અને વિચારોમાં વસે છે. અમે તેમના વારસાને આગળ ધપાવી રહ્યા છીએ. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર બાબાસાહેબ આંબેડકરનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો. ખડગેએ કહ્યું, 'ગુજરાત એ ટોચનું રાજ્ય છે જ્યાંથી કોંગ્રેસને તેના ૧૪૦ વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ સત્તા મળી છે.'

### દારૂના નશામાં બેફામ કાર ચલાવી અનેક લોકોન હડફેટે લીધા

# જયપુર જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખની કારે ૯ને કચડ્યા, ત્રણના મોત

**૬ લોકોને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા**

જયપુર,તા.૦૮

જયપુરમાં એક હાઈ સ્પીડ SUV કારે રસ્તા પર અફરાતફરી મચાવી દીધી હતી. શહેરના ભીડભાડવાળા વિસ્તારમાં દારૂના નશામાં ડ્રાઈવરે ૭ કિમી સુધી પૂરપાટ ઝડપે SUV હંકારી હતી.



આરોપી ડ્રાઈવર કોંગ્રેસ જિલ્લા ઉપપ્રમુખ ઉસ્માન ખાન હતો. જેને મંગળવારે સવારે પાર્ટી દ્વારા પદ પરથી હટાવવામાં આવ્યો હતો. બેકાબૂ કારે ચાલતા જઈ રહેલા ૯ લોકોને કચડી નાખ્યા. આ અકસ્માતમાં એક મહિલા સહિત ૩ લોકોના મોત થયા છે. ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના સોમવારે મોડી સાંજે ૯.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, શહેરના MI રોડ પર એક બેકાબૂ કારે વાહનોને ટક્કર મારી રહી હોવાની પ્રથમ માહિતી મળી હતી. આ પછી કાર શહેરની સાંકડી શેરીઓમાં ઘૂસી હતી. નાહરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કારે સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું. અહીંથી લગભગ એક કિલોમીટર દૂર, કાર એક સાંકડી ગલીમાં ફસાઈ ગઈ અને લોકોની મદદથી પોલીસે આરોપી ડ્રાઈવરને દબોચી લીધો હતો.

### બંને રાજયોના ૮ સ્થળોએ કરેલી તપાસમાં ઈલેક્ટ્રોનિક અને વાંધાજનક સામગ્રી મળી

# એનઆઈએની ટીમે હરિયાણા અને ઉત્તરપ્રદેશમા આંતકવાદી સાથે જોડાયેલા સ્થળો પર દરોડા પાડ્યા

(એચ.એસ.એલ),ચંડીગઢ,તા.૮

રાષ્ટ્રીય તપાસ એજન્સીએ મંગળવારે હરિયાણા અને ઉત્તર પ્રદેશના ઉત્તરી ભાગોમાં બબ્બર ખાલસા ઈન્ટરનેશનલના આતંકવાદી સતિન્દરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બ્રાર સાથે જોડાયેલા અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી ડિસેમ્બર ૨૦૨૪ માં ગુરુગ્રામના સેક્ટર-૨૯ માં સ્થિત વેરહાઉસ ક્લબ અને હ્યુમન ક્લબ પર થયેલા ગ્રેનેડ હુમલાઓ સાથે સંબંધિત છે. આ જ કેસના સંદર્ભમાં,એનઆઈએ ટીમોએ




વિદેશી આતંકવાદી ગોલ્ડી બ્રાર અને યુએસ સ્થિત ગેંગસ્ટર રણદીપ મલિક સાથે જોડાયેલા શંકાસ્પદ અને આરોપીઓના પરિસરમાં સઘન તપાસ હાથ ધરી છે.આજે સવારે બંને રાજ્યોના વિવિધ જિલ્લાઓમાં ૮ સ્થળોએ કરવામાં આવેલી તપાસ દરમિયાન ઘણી ઈલેક્ટ્રોનિક અને અન્ય વાંધાજનક સામગ્રી મળી આવી હતી. બોમ્બ વિસ્ફોટની ઘટના પાછળના સમગ્ર કાવતરાના સંકેતો માટે એનઆઈએ દ્વારા સામગ્રીની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં હુમલામાં સામેલ આરોપીઓ પાસેથી શસ્ત્રો, દારૂગોળો અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરવામાં આવી છે.તમને જણાવી દઈએ કે ડિસેમ્બર ૨૦૨૪ માં, ગુરુગ્રામના સેક્ટર-૨૯ માં સ્થિત વેરહાઉસ ક્લબ અને હ્યુમન ક્લબ પર ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. હ્યુમન નાઈટક્લબની બહાર સવારે લગભગ ૫:૧૫ વાગ્યે વિસ્ફોટ થયા હતા અને નજીકના ક્લબમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં તે કેદ થયા હતા.




# વકફ સુધારા બીલને દિલ્હી શાહીનબાગ લોકોએ સમર્થન આપ્યુ




ન્યુ દિલ્હી,તા.૦૮

વકફ સુધારા બિલ રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ હવે કાયદાનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. વકફ સુધારા બિલને જેપીસી, પછી લોકસભા અને પછી રાજ્યસભામાં કુલ ૧૬ કલાકની ચર્ચા અને ત્યારબાદ પસાર થયા બાદ, તેને રાષ્ટ્રપતિ તરફથી પણ મંજૂરી મળી ગઈ છે. વકફ સુધારા બિલને લઈનો મોટાભાગના લોકોએ સમર્થન આપ્યું છે. જ્યારે વિપક્ષ અને કેટલાક અસંતુષ્ટોએ બિલને સુપ્રીમમાં પડકાર્યું છે.દિલ્હીના શાહીન બાગ અનેક બાબતોમાં વિવાદમાં આવ્યો છે. પરંતુ આજે દિલ્હી શાહીન બાગના લોકો પણ વક્ફ બિલને સમર્થન જાહેર કર્યું છે. શાહીન બાગના લોકો પોતાનું સમર્થન જાહેર કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે. ભારતીય જનતા પાર્ટી લઘુમતી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ જણાવ્યું હતું કે લોકો શાહીન બાગમાંથી વક્ફના સમર્થનમાં લખાયેલા આભાર પત્રો એકત્રિત કરીને વડા પ્રધાન મોદીને સોંપશે.ભાજપ લઘુમતી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે હું શાહીન બાગના લોકો વક્ફ બિલને સમર્થન આપી રહ્યા છે તેમની પાસેથી 'આભાર પત્રો' એકત્રિત કરી રહ્યો છું. આ સાથે વકફ બિલને લઈને જે અફવાઓ ફેલાવવામાં આવે છે તે દૂર કરવા અમારા કાર્યકરો અને સંગઠનો દ્વારા પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે.

હું તમામ પત્રો એકત્રિત કરીશ અને બાદમાં પ્રધાનમંત્રી મોદીને સુપરત કરીશ. વધુમાં તેમણે કહ્યું કે આખી દુનિયામાં શાહીન બાગને બદનામ કરવામાં આવ્યું હતું, મુસ્લિમો અને ઈસ્લામને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જમાલ સિદ્દીકીએ વધુમાં કહ્યું કે આજે આ શાહીન બાગથી, આપણા ભાઈઓ અને બહેનો વક્ફ બિલના સમર્થનમાં પીએમ મોદીને આભાર પત્ર સુપરત કરશે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૦૯-૦૪-૨૦૨૫

# કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં શેડુભાર પ્લોટ શાળાના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

અમરેલી, તા.૦૮



અમરેલી તાલુકાની શેડુભાર પ્લોટ શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૮ના બાળકોને વિદાય આપવા માટેના કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં વિદાય લઈ રહેલા બાળકોને ધો. ૮માં સારા ગુણ સાથે પાસ થવા તથા આગળના ઉજવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવવામાં આવી હતી. આ તકે અમરેલી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન, જીલ્લા પંચાયતના ઉપપ્રમુખે પણ બાળકોને શુભકામના પાઠવી હતી. સાથે મોટા માચીયાળા કલસ્ટરના સી.આર.સી. શરદભાઈ મકવાણા તથા શાળાના આચાર્ય ભાવનાબેન ચોટલીયા દ્વારા બાળકોને શુભકામના પાઠવી હતી. શાળા પરિવારે આ બાળકોને શૈક્ષણિક કિટ ભેટમાં આપી સન્માનીત કર્યા હતા. આ બાળકોએ પણ શાળાને મા સરસ્વતીની છબી ભેટ આપી હતી.

# રાજુલાનાં રામપરા ગામ નજીક બાવળની ઝાડીઓમાં આગ ભભૂકતા વનવિભાગ, ફાયર જવાનોમાં દોડધામ

રાજુલા, તા.૦૮



અમરેલી જિલ્લામાં સિંહોના ટોરેન્ટ વિસ્તામાં આગ લાગવાની ઘટના સામે આવી છે. રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક બાવળની ઝાડીઓમાં વિકાળ આગ લાગતા વન વિભાગ અને ફાયર જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આ વિસ્તારમાં સિંહ, દીપડા અને હરણનો વસવાટ હોવાથી વન વિભાગની ચીંતા વધી હતી. આ ઘટના અંગે મળતી માહિતી મુજબ સવારે ૧૦ થી ૧૧ વાગ્યાના અરસામાં રાજુલાના રામપરા ગામ પાસે આવેલી બાવળની ઝાડીઓમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. આ વિસ્તારમાં જંગલી અને પાલતુ પ્રાણીઓ વસવાટ કરતા હોવાથી તેમને કંઈ નુકસાન ન જાય એના માટે સ્થાનિક આઈએફએસ ફાતેહ મીણા સહિત અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. બાવળની ઝાડીઓમાં લાગેલી આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતાં એને કાબૂમાં લેવા પીપાવાવ પોર્ટ, અલ્ટ્રાટેક કોવાયા પાવર પ્લાન્ટ, સિન્ટેક્ષ, શ્વાન એનર્જી કંપની સહિત આસપાસની કંપનીઓની ફાયર વિભાગની ટીમો પ્રયાસો કર્યા હતા.

# સાવરકુંડલામાં રક્તદાન શિબિર ૬૦ બોટલ રક્ત એકત્રિત કરાયું

સાવરકુંડલા,તા.૦૮


તસવીર : સૌરભ દોશી

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, સાવરકુંડલા તાલુકા શાખા દ્વારા રક્તદાન શિબિરમાં સમાજના વિવિધ વર્ગના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ શિબિરમાં કુલ ૬૦ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું, જે જરૂરિયાતમંદ દર્દીઓ માટે નજીકની હોસ્પિટલો અને બ્લડ બેંકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. રેડ ક્રોસ સોસાયટીના અધ્યક્ષે રક્તદાતાઓના નિઃસ્વાર્થ યોગદાનની પ્રશંસા કરી હતી અને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ કરનાર સૌનો આભાર માન્યો હતો.

# અમરેલીની મહિલા કોલેજનો દબદબો, યુનિવર્સિટી ટોપ ટેનમાં સાત વિદ્યાર્થિનીઓ ઝળકી

અમરેલી, તા.૦૮



અમરેલી સ્થિત શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રીમતી ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં શાનદાર પરિણામ મેળવ્યું છે. કોલેજની સાત વિદ્યાર્થીનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટોપ ટેનની યાદીમાં સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થા અને સમગ્ર અમરેલી જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે કોડીનારીયા રૂષિકા એચ. (૮૪.૦૯%), ત્રીજા ક્રમે ડેરૈયા આઈમન એ. (૮૨.૦૦%), ચોથા ક્રમે કાનાણી અર્ષિતા બી. (૮૧.૮૯%), સાતમા ક્રમે વઘાસીયા ખુશાલી એ. (૮૧.૦૨%) અને ભાદરકા તેજસ્વી એલ. (૮૧.૦૨%), નવમા ક્રમે બોરીચા હિરલ એસ. (૮૦.૬૩%) અને દસમા ક્રમે કનાડીયા એશા એ. (૮૦.૫૭%) રહી છે. સાત વિદ્યાર્થીનીઓએ ટોપ ટેનમાં સ્થાન મેળવવા બદલ સંકુલ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# જિલ્લા પંચાયતનાં સદસ્યએ મીઠાપુર નક્કી ગામે ચાલતા મનરેગા યોજનાની કામગીરી નિહાળી

અમરેલી, તા.૦૮



મીઠાપુર નક્કી ગામે મનરેગા યોજના હેઠળ ચાલી રહેલા કામની તપાસ માટે જિલ્લા પંચાયતના ચેરમેન અને આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયાએ મુલાકાત લીધી હતી. પોસ્ટ ઓફિસના કર્મચારી પણ મનરેગાની સાઈટ પર હાજર રહ્યા હતા અને ત્યાં ઉપસ્થિત સૌ કોઈના પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલાવવાની કામગીરી કરવામાં આવી હતી.

**રખડતા ઢોરને કારણે ભુતકાળમાં અનેક લોકો મોતને ભેટ્યા છે છતાં કોઈ કાર્યવાહી નહી**

# કુંકાવાવના અનીડા ગામે રખડતા ઢોરે પ્રૌઢનો જીવ લીધો

અમરેલી,તા.૦૮

**રખડતા ઢોરને કાબુમાં લેવા તંત્ર નિષ્ફળ, લોકોમાં ભારે રોષ**

સમગ્ર રાજયમાં રખડતા ઢોર કાયમી સમસ્યા બની ગઈ છે. હાઈકોર્ટ દ્વારા પણ રખડતા ઢોરને કાબુમાં લેવા અનેકવાર તંત્રને સુચનાઓ આપવામાં આવી છે. આમ છતાં તંત્ર દ્વારા હાઈકોર્ટના આદેશને ઘોળીને પી જાય છે. જેથી રખડતા ઢોરને કારણે અનેક લોકો મોતને ભેટે છે છતાં તંત્ર મુક તમાશો જોઈ રહ્યુ છે. અમરેલી જિલ્લામાં પણ રખડતા ઢોરની સમસ્યા માથાનો દુઃખાવો બની ગઈ છે. જેમાં કુંકાવાવ તાલુકાના અનીડા ગામે રખડતા ઢોરને કારણે એક પ્રૌઢને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. અનીડા ગામે રહેતા લખમણભાઈ અંબાવીભાઈ ભુત મોટરસાયકલ લઈને જતા હતા ત્યારે આખલા સાથે મોટરસાયકલ ભટકાતા પ્રૌઢને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન પ્રૌઢનું મોત નિપજ્યુ હતુ. આ અંગે પ્રૌઢના પુત્ર રાજેશભાઈએ બગસરા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# વડિયા શહેરમાં નિયતિના ખબર અંતર પૂછવા પહોંચ્યા ધારાસભ્ય કૌશિક વેકરિયા

વડિયા, તા.૦૮



વડીયામાં રહેતા પત્રકાર પરેશભાઈ પરમારની પુત્રી નિયતિ, જેણે છેલ્લા ૧૦ વર્ષમાં ત્રણ ત્રણ વખત મોતને માત આપી છે, તેના ખબર અંતર પૂછવા વડીયા-કુંકાવાવ વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા પહોંચ્યા હતા. ૧૧ વર્ષની ઉંમરે ડેન્ગ્યુ થયા બાદ નિયતિને બોનમેરોમાં બ્લડ કેન્સર હોવાનું નિદાન થયું હતું. તેણે અઢી વર્ષની સારવાર બાદ કેન્સરને હરાવ્યું હતું.

# સાવરકુંડલાના મેકડા ગામે વડીલો સન્માન સમારંભ તથા જાહેર સત્સંગ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૦૮



સાવરકુંડલા તાલુકાના મેકડા ગામે ભટ્ટ પરિવાર મેકડા, સાવરકુંડલા તથા વડોદરા દ્વારા રવિવાર, રામનવમીના દિવસે ગામના ૮૦ કરતા વધારે વડીલોનો સન્માન સમારંભ યોજાયો હતો. આ ઉપરાંત મહિલાઓ માટે જાહેર સત્સંગનો કાર્યક્રમ પણ રાખેલ. આ બંને કાર્યક્રમો સોનબામાંના રામજી મંદિર ખાતે યોજાયેલ હતા. લાલજી મહારાજના મંદિરના મહંતના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. દરેક વડીલને પ્રયાગરાજના ગંગાજળની બોટલ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ધર્મશંકરભાઈ ભટ્ટ દ્વારા સમગ્ર કાર્યક્રમની માહિતી આપી હતી તેમજ ભટ્ટ પરિવાર અને મેકડા ગામનો ઈતિહાસ સંક્ષિપ્તમાં રજુ કર્યો હતો. આ પ્રસંગે ગામના સરપંચ, ઉપ સરપંચ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં રામ જન્મોત્સવ સાથે સંત શ્રી મહાત્મા મુળદાસજીનો નિર્વાણ દિવસ ઉજવાયો

સાવરકુંડલા, તા.૦૮



સાવરકુંડલામાં ચૈત્ર સુદ નવમી એટલે કે ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મ મહોત્સવની સાથે સાથે લુહાર જ્ઞાતિના કુળભૂષણ સંત શ્રી મહાત્મા મુળદાસજીનો નિર્વાણ દિવસ પણ ઉજવવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે લુહાર યુવા ગ્રુપ દ્વારા સંત શ્રી મહાત્મા મુળદાસજીનો નિર્વાણ દિવસ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. શ્રી રામ જન્મ મહોત્સવ નિમિત્તે સાવરકુંડલામાં નીકળેલી ભગવાન શ્રી રામચંદ્રજીની ભવ્ય શોભાયાત્રામાં સાવરકુંડલા લુહાર યુવા ગ્રુપ સંત શ્રી મહાત્મા મુળદાસજીની પ્રતિમા સાથે જોડાયું હતું. તેમજ પુષ્પવર્ષા સાથે શોભાયાત્રા આગળ વધી હતી. સાવરકુંડલા તાલુકાના સમસ્ત લુહાર પરિવારે તેમજ શહેરના ધર્મપ્રેમી ભાઈઓ અને બહેનોએ સંત શ્રી મહાત્મા મુળદાસજીની પ્રતિમાના દર્શનનો લાભ લીધો હતો.

# સા.કુંડલાના વિજપડીમાં રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી

અમરેલી, તા.૦૮



સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે રામનવમી મહોત્સવ પ્રસંગે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રામજી મંદિરેથી બપોરના ચાર કલાકે શોભાયાત્રા પ્રસ્થાન થઈ વિજપડીના મુખ્ય માર્ગો પર ફરી હતી. ગામના હજારો રામ ભક્તો અને યુવાનો તથા ગ્રામજનો ભક્તિના તાલે આનંદ ઉલ્લાસથી જોડાયા હતા અને જય શ્રી રામના નાદથી વીજપડીની ભૂમિ ગુંજી ઉઠી હતી. શોભાયાત્રાનું ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને અલગ અલગ યુવક મંડળો દ્વારા શરબત, ચા પાણી અને લચ્છીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ભવ્ય શોભાયાત્રાનું આયોજન શ્રીરામ જન્મ ઉત્સવ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ગામના તમામ યુવાનો, વેપારીઓ અને આગેવાનો જોડાયા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**ખેડૂતે વાવેતર કરેલ આંબા અને લીંબુના પાકનો સફાયો**

# ખડાધાર ગામ નજીક વીજ તંત્રની બેદરકારીનાં કારણે ખેતરમાં આગ લાગતા રૂા.૪ લાખનું નુકસાન

**ટ્રાન્સફોર્મરમાંથી તીખારા ખરતા ખેતર બળીને ખાખ**

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં વીજતંત્રની બેદરકારીને કારણે ખેડૂતોનો મહામૂલી પાક બળીને ખાખ થઈ ગયો હતો. લીલીયા પંથકમાં ખેડૂતોના ઘઉં બળી ગયા બાદ હવે ખાંભાના ખડાધાર ગામ નજીક ખેડૂતે મહામહેનતે કરેલા આંબા અને લીંબુના પાકનો સફાયો થતા ખેડૂતને આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. ખાંભા ગામે રહેતા રૂચિત સુરેશભાઈ મહેતા ખડાધાર ગામ નજીક બાપાના ડુંગરા તરીકે ઓળખાતી જમીનમાં દેખરેખ રાખતા હોય તે જમીનમાં વીજ તંત્રનું ટીસી આવેલ હોય તે ટી.સી.માં તીખારા થતા ખેતરમાં આગ લાગતા ખેતરમાં વાવેતર કરેલ આંબા તથા લીંબુના ૨૦૦ છોડ બળી જતા અંદાજે રૂા.અઢી લાખનું નુકસાન થયુ હતુ તેમજ ફીનોલેક્સ કંપનીની ટપક બળી જતા રૂ.૧.૫૦ લાખનું નુકસાન થતા અંદાજે રૂા.૪ લાખનું નુકસાન થયુ હતુ. આમ, વીજતંત્રની બેદરકારીને કારણે ખેડૂતે કરેલ વાવેતર બળી જતા વીજતંત્ર સામે ભારે રોષની લાગણી જન્મી છે.

# લાલાવદર-ચક્કરગઢ વચ્ચે નોન પ્લાન પેવર રોડનું સાંસદ ભરત સુતરીયાનાં હસ્તે ખાતમુહૂર્ત

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોના માર્ગોના વિકાસ માટે મોટી પહેલ કરવામાં આવી છે. તાજેતરમાં ગ્રામ્ય વિસ્તારના માર્ગો બિસ્માર હોવાની રજૂઆતો ધારાસભ્ય અને સાંસદ સુધી પહોંચી હતી. આ રજૂઆતોના પગલે, અમરેલી તાલુકામાં લાલાવદરથી ચક્કરગઢ સુધીના નોન પ્લાન પેવર ડામર રોડની કામગીરીનો



પ્રારંભ કરવામાં આવ્યો છે. સાંસદ ભરત સુતરિયાના હસ્તે આ કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાંસદ સુતરિયાએ જણાવ્યું કે આ રસ્તો નજીકના ભવિષ્યમાં માત્ર સ્થાનિક ગ્રામજનો માટે જ નહીં, પરંતુ આસપાસના તમામ વિસ્તારો માટે એક મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરશે. આ નવા માર્ગના નિર્માણથી સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં પરિવહન વધુ સરળ બનશે. કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણી, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન નિકુલ માંડણકા, દિલીપ સાવલિયા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા, બાબરામાં લાકડી રાખવા બદલ જાહેરનામાના ભંગનો ગૂન્હો નોંધાયો

**પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી**

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં અધિક કલેકટરનું જાહેરનામુ અમલમાં છે. જેથી જાહેરનામાનાનો ભંગ કરવા બદલ પોલીસ કડક કાર્યવાહી હાથ ધરી રહી છે. જેમાં લાકડી પોતાના કબજામાં રાખવા બદલ બે શખ્સો સામે પોલીસે જાહેરનામાના ભંગનો ગુન્હો નોંધ્યો છે. રાજુલા તાલુકાના ઉંટીયા ગામે રહેતા જીકારભાઈ રામભાઈ લાખણોત્રા નામના યુવક પાસે જાહેરમાં લાકડી હોવાથી પોલીસે યુવક સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે બાબરાના ચામુંડાનગર ખાતે રહેતા સુરેશ રામજી બારૈયાના કબજામાં લાકડી કિ.રૂ.૨૦ મળી આવતા પોલીસે જાહેરનામાના ભંગ બદલ ગુન્હો નોંધ્યો હતો.

# રાજુલાના ગ્રામ્ય વિસ્તારનાં પ્રશ્નોનો ઉકેલ લાવવા તાલુકા ફરિયાદ સંકલન સમિતિની બેઠક મળી

રાજુલા, તા.૦૮

રાજુલામાં તાલુકા ફરિયાદ સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં રસ્તા, પાણી અને આરોગ્ય જેવા વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. રાજુલા ખાતે તાલુકા ફરિયાદ સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના



પ્રતિનિધીઓ, પાલિકા, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, સંગઠનના પ્રતિનિધીઓ અને ચૂંટાયેલા જનપ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા. અહીં શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પાણી, આરોગ્ય, રસ્તા, અધુરા કામો પુરા કરવા, સરકારની યોજનાઓ ગામે ગામ પહોંચાડવા, પાણીની તંગી હોય ત્યા આગોતરૂ આયોજન કરી રજૂઆત કરવા સહિતના પ્રશ્નો મુદ્દે ચર્ચા કરી તેનો ઉકેલ લાવવા અધિકારીઓને સૂચના અપાઈ હતી. આ તકે જીજ્ઞેશભાઈ પટેલ, રવુભાઈ ખુમાણ, ધીરજભાઈ નકુમ, ધીરજલાલ પુરોહિત વિગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલામાં માનસિક અસ્થિર યુવાનનું ટ્રેનની હડફેટે મોત

**મૃતકના ભાઈએ સાવરકુંડલા પોલીસમાં જાહેર કર્યુ**

અમરેલી, તા.૦૮

સાવરકુંડલા શહેરમાં રહેતા એક માનસિક અસ્થિર યુવાન અચાનક ટ્રેનની હડફેટે આવી જતા યુવાનનું કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. મનુભાઈ અમરાભાઈ પરમારે સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર કર્યુ છે કે, તેમના ભાઈ અરવિંદ અમરાભાઈ પરમાર રહે. સાવરકુંડલાવાળાને છેલ્લાં ચાર દિવસથી માનસિક સ્થિતિ સારી ન હોવાથી ઘરેથી કોઈને કહ્યા વગર નિકળી ગયા હતા. જેથી કોઈ કારણોસર અચાનક જ ટ્રેનની હડફેટે આવી જતા શરીર પર ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન અરવિંદભાઈનું મોત થયુ હોવાનું પોલીસમાં જાહેર થયુ છે.

# ધારી તાલુકાના મોરઝર ગામે ચૂંટણીના મનદુ:ખમાં પ્રૌઢ પર જીવલેણ હુમલો

**ગામના જ પિતા-પુત્રએ આડેધડ માર મારતા પ્રૌઢને હોસ્પિટલ ખસેડાયા**

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં સુર્યનારાયણ આકરા મિજાજે છે. ત્યારે લોકોનો મિજાજ પણ વારંવાર છટકી જતા મારામારીનો બનાવ બનવા પામે છે. જેમાં ત્રણ વર્ષ પહેલા થયેલી ચૂંટણીના મનદુ:ખમાં પ્રૌઢને પિતા-પુત્રએ આડેધડ માર મારતા આધેડે ધારી પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ નોંધાવી છે. ધારી તાલુકાના મોરઝર ગામે રહેતા પ્રવિણભાઈ મગનભાઈ ભેંસાણીયાએ પોલીસ ફરીયાદ નોંધાવી છે કે, પ્રવિણભાઈનો દિકરો સન.૨૦૨૨માં તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉભો હોય ત્યારે આરોપી બિપીન વાસુદેવ પુરોહિત પણ ચૂંટણી લડતા હોય જે વાતનુ મનદુ:ખ રાખી વારંવાર બોલાચાલી થતી હતી. ગત તા.૬ના રોજ રાત્રીના પ્રવિણભાઈનો દિકરો છતડીયા ગામથી આવતો હોય ત્યારે બીપીને પ્રવિણભાઈના દિકરા સાથે બોલાચાલી કરી હતી. જેથી આ બાબતની જાણ પ્રવિણભાઈને કરતા પ્રવિણભાઈ ગામના પાદર પહોંચતા યશ બીપીન પુરોહિતે પ્રવિણભાઈને લોખંડનો પાઈપ ઝીંકી દીધો હતો જ્યારે બીપીને લાકડાનો ફટકો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી પ્રવિણભાઈએ પિતા-પુત્ર સામે ધારી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

# રાજુલામાં મારૂતિ ધામ મંદિરે ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ, રામ ભક્તોનો જમાવડો

રાજુલા, તા.૦૮

રાજુલાના મારૂતિ ધામ મંદિરના પટાંગણમાં ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. રામનવમી તારીખ ૬ થી ૧૨ હનુમાનજી પ્રાગટ્ય દિવસ સુધી આ કથા ચાલશે. આ કથાનું રસપાન શાસ્ત્રી હિતેશ દાદા કરાવી રહ્યા છે. પ્રભુદાસ બાપુની સ્મૃતિમાં વિશ્વ



તસવીર : ગોપાલ રાઠોડ

શાંતિ માટે આ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. મારૂતિ ધામ મંદિરમાં અવિરતપણે અન્નક્ષેત્ર અને ગૌસેવા કરવામાં આવે છે. મહંત ભાવેશ બાપુ અને તેમના પરિવારે આ કથાનું આયોજન કર્યું છે. કથાના પ્રથમ દિવસે અંબાજી મંદિરેથી પોથી યાત્રા નીકળી હતી, જે મારૂતિ ધામના કથા મંડપ સુધી પહોંચી હતી. શાસ્ત્રી આચાર્ય હિતેશ દાદાએ કથાની શરૂઆત કરી હતી. રામ ભક્તોને આ કથાનો લાભ લેવા માટે અપીલ કરવામાં આવી છે. રાજુલાના વસંતભાઈ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આ મંદિરમાં ગૌસેવા કરવામાં આવે છે.

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૩/૨૦૨૫ તા.૧૫/૦૩/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧. ગૌસ્વામી હરેશગીરી ખુશાલગીરી
રહે. જુના સાવર તા.સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી જુના સાવર, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી બહેન અનસુયાબેન ખુશાલગીરી ગૌસ્વામીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ ના રોજ મુ. જુના સાવર, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

-//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૨૩/૨૦૨૫

અરજદાર :- શ્રી ગૌરીબેન વિનોદભાઈ સાંથળિયા
રહે. લાતી પ્લોટ, રાજા નિવાસ, ગોખલાણા મેઈન રોડ,
મુ. જસદણ, જી. રાજકોટ, પીન-૯૬૦૦૫૦
અરજદારના વકીલશ્રી પી.પી.દાફડા

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી, તા./જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં ગૌરીબેન વિનોદભાઈ સાંથળિયા તેમની દિકરીશ્રી રીટાબેન વિનોદભાઈ સાંથળિયાનો જન્મ (તા.૦૧/૦૬/૧૯૮૭)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૪/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા


કોર્ટનો સિક્કો

સહી
(જી.જી.બાવીસા)
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

## અવસાન નોંધ

**અમરેલી**

સમાજ સેવા માટે જાણીતા એવા જનસંઘી-ભાજપ અગ્રણી, લોહાણા સમાજના મોભી અને પરમવૈષ્ણવ જીતુભાઈ મસરાણીનું અમરેલી મુકામે તા.૦૮/૪/૨૦૨૫નાં અવસાન થયુ છે. સદ્દગતની સ્મશાન યાત્રા તા.૦૯-૦૪-૨૦૨૫, બુધવારના રોજ સવારે ૦૮-૦૦ કલાકે તેમના નિવાસસ્થાન ગીરીરાજ નગર શેરી નં.-૧, ઓમનગર મેઈન રોડ, ચિત્તલ રોડ, અમરેલી ખાતેથી નિકળશે.

AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન | હેર | કોસ્મેટોલોજી | લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 9313571971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 9925076561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી | O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

તંત્રી લેખ

# અમેરિકા આર્થિક અરાજકતાના આરે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા અને એલન મસ્કને મહત્વના પદ પર બેસાડી દીધા પછી બંને સાથે મળી જગતના દેશોને ધાક ધમકી આપવાનું શરૂ કરી દીધું. મન ફાવે તેવી રીતે ટેરીફ વધારી દીધો. પોતાના સૌથી નજીકના મિત્ર દેશો સાથે પણ તેનો વ્યવહાર સારો કહી શકાય નહીં. અમેરિકાને ગ્રેટેસ્ટ બનાવવા માટે જે રીતે વર્તી રહ્યા છે તે જોતા ટૂંક સમયમાં અમેરિકા મહા મંદીના વમળમાં ફસાઈ જાય તેવી શક્યતાઓ ઊભી થઈ છે જેની અસર જગતના તમામ દેશો પર પડશે. અમેરિકાને ફરી વખત ગ્રેટેસ્ટ બનાવવાના ચક્કરમાં ડોનાલ્ડ ટ્રમ્પે અત્યાર સુધીમાં જે કંઈ પગલા લીધા છે તેને કારણે વિશ્વના દેશો પર એવી રીતે વિપરીત અસર પડી છે. તેને કારણે દુનિયા પરેશાન છે બીજી બાજુ અમેરિકાની અંદર મોંઘવારી અને ફુગાવો એટલી ઝડપથી વધી રહ્યો છે કે જેને કારણે લોકો આંદોલન પર ઉતરી આવ્યા છે. અને તેના ૫૦ રાજ્યોમાં લોકોનો અક્રોશ ફાટી નીકળ્યો છે અમેરીકન સરકાર સામે લાખો અમેરિકાનો શેરીમાં ઉતરી આવ્યા છે અને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ટ્રમ્પ ટેરિફથી સોમવારે દુનિયાભરના શેર માર્કેટમાં ભારે હાહાકાર મચી ગયો. માર્કેટમાં ૩-૧૩ ટકા સુધીનો મોટો ઘટાડો નોંધાયો હતો. ભારતમાં સેન્સેક્સમાં ૨,૨૨૭ પોઈન્ટ તૂટ્યો હતો. ટ્રમ્પ દ્વારા ૬૦ દેશો પર અમલી કરવામાં આવેલ ટેરિફ આત્મઘાતી પગલું સાબીત થઈ રહ્યું છે. વૈશ્વિક વેપારમાં અમેરિકાને ગતવર્ષે સરેરાશ ૧૩૦૦ લાખ કરોડનું નુકસાન હતું જે ટ્રમ્પ ટેરિફ લાદીને રિકવર કરવા ઈચ્છતા હતા અને ટેરિફથી તેઓને સરેરાશ ૫૦ ટકા એટલે કે ૬૦૦ અબજ ડોલર (રૂ.૫૨ લાખ કરોડ) નો ફાયદો થવાની આશા હતી પરંતુ ઉટ કાઢતા બકરું પેઠું તેવો ઘાટ જોવા મળ્યો અને અમેરિકાના જ રોકાણકારોને સરેરાશ ૭ ટ્રિલિયન ડોલર એટલે કે રૂ.૬૦૦ લાખ કરોડથી વધુનું જ્યારે વિશ્વના તમામ રોકાણકારોની મૂડીમાં ૧૫ ટ્રિલિયન ડોલરનું એટલે કે ટેરિફથી ૫૨ લાખ કરોડ સરેરાશ રૂ.૧૩૦૦ લાખ કરોડનું નુકસાન કરાવ્યું છે. અમેરિકન શેર માર્કેટ ખુલતાની સાથે જ ૪ ટકા સુધી ઘટી ગયા. આ મામલે અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પનું એક નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું- 'ક્યારે કોઈ બાબતને ઠીક કરવા માટે દવા લેવી પડે છે. માર્કેટમાં આ ઘટાડો માત્ર મેડિસનની જેમ છે, જે લોન્ગ ટર્મ માં ફાયદો કરાવશે, પરંતુ હાલ રોકાણકારોને માત્ર નુકસાન દેખાઈ રહ્યું છે.' ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પના ટેરિફ એક્શન બાદ અમેરિકન કંપનીઓનું માર્કેટ કેપ અંદાજિત ૬ લાખ કરોડ ડોલર સુધી ઘટી ચુક્યું છે. રવિવારે ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ જાણી જોઈને શેર માર્કેટમાં ઘટાડો લાવી રહ્યા નથી. તેમને માર્કેટ રિએક્શનનો અંદાજો ન હતો અને અત્યાર સુધી બીજા દેશો સાથેના વેપાર નુકસાન મામલે સમાધાન નહીં થાય ત્યાં સુધી કોઈ ડીલ કરશે નહીં. બીજી તરફ ડોલરની સરખાણીએ રૂપિયામાં ૨૬ મહિનામાં સૌથી મોટો ઘટાડો નોંધાયો. જે ૬૦ પૈસા ઘટી ૮૫.૮૪ પ્રતિ ડોલર પર આવી ગયો. એના મુખ્ય કારણો નીચે મુજબ છે જેનાથી આ સ્થિતિ સર્જાઈ અમેરિકાએ ભારત પર ૨૬ ટકા, ચીન પર ૩૪ ટકા, દક્ષિણ કોરિયા પર ૨૫ ટકા, જાપાન પર ૨૪ ટકા ટેરિફની જાહેરાત કરી હતી, જેનાથી સ્થિતિ વધુ બગડી અમેરિકન ગ્રાહક મૂલ્ય સૂચકાંક ૦.૩ ટકા રહેવાનો અંદાજ છે. ગોલ્ડમેન સેક અનુસાર ૧૨ મહિનામાં અહીં મંદીની શક્યતા ૩૫ ટકાથી વધી ૪૫ ટકા પહોંચી છે. કોમોડિટીની કિંમતો પણ ઘટી જેને કારણે મંદી અને માગ ઘટવાની સ્થિતિ સર્જાય છે. આશંકાઓથી કોમોડિટીની કિંમતો પણ ઘટી રહી છે. બ્રેટ ક્રૂડ (કાચુ તેલ) ૬.૫ ટકા, સોનું ૨.૪ ટકા અને ચાંદીમાં ૭.૩ ટકા ઘટાડો. કોપરમાં ૬.૫ ટકા, ઝિંકમાં ૨ ટકા કિંમતો ઘટી. વ્યાજ દરમાં ઘટાડાની આશંકાને કારણે પરિસ્થિતિ બગડી છે. અમેરિકામાં ૧૦ વર્ષના યુએસ ટ્રેઝરી બોન્ડનું રિટર્ન ૦.૦૮ ટકા ઘટીને ૩.૯૧૬ ટકા રહી ગયું છે. હવે અમેરિકામાં વ્યાજ દર ઘટી શકે છે. સેક્ટોરલ ઈન્ડેક્સમાં ઘટાડો થવાથી ફુગાવો વધ્યો છે. ટ્રેડ વોરના ડરથી આપણા અર્થતંત્ર પણ મોટી અસર પડી છે. આ ઉપરાંત ઓટોમોબાઈલ, આઈટી, મેટલ, ફાર્મા અને એનર્જી ઈન્ફ્રા સેક્ટરમાં એવરેજ ૭ ટકાનો ઘટાડો આવ્યો સૌથી મોટી અસર અમેરિકાના અર્થતંત્ર પર પડી છે જેને કારણે ફુગાવામાં જબરદસ્ત વધારો થયો છે.

# સાવરકુંડલામાં રામજન્મોત્સવની ઉજવણી, આહીર સમાજની સંસ્કૃતિ રજૂ કરાઈ

સાવરકુંડલા,તા.૦૮



સાવરકુંડલામાં રામનવમીનો તહેવાર રાષ્ટ્રીય પર્વની જેમ તમામ ધર્મ અને જ્ઞાતિના લોકોએ સાથે મળીને ઉજવ્યો હતો. સાવરકુંડલા શહેરને કેસરી રંગથી શણગારવામાં આવ્યું હતું અને અવનવા પતાકાં, ફ્લોટ્સ તથા રામાયણના દ્રશ્યોએ આકર્ષણ જમાવ્યું હતું. રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમ, રામનવમીની આરતી અને વિવિધ જ્ઞાતિઓના સેવા સ્ટોલે તહેવારમાં અનેરો રંગ ભર્યો હતો. આ પ્રસંગે સાવરકુંડલા આહિર સમાજે રામનવમીને પોતાની સંસ્કૃતિથી ઉજવવા બે અનોખા આયોજન કર્યા હતા. શોભાયાત્રામાં આહિર સમાજની સંસ્કૃતિ દર્શાવતું એક ટ્રેક્ટર પરંપરાગત પોશાક, ભાષા, છબીઓ, શણગાર, ગીત-સંગીત અને નૃત્ય સાથે જોડાયું હતું. વધુમાં, આહિર સમાજે ગોરસ પરબનો સ્ટોલ ઊભો કરી ભાવિકોને છાશનું વિતરણ કર્યુ હતુ. આ તકે, ધારાસભ્ય કૌશિક વેકરીયા સહિતના આગેવાનો પણ હાજર રહ્યાં હતા.

# હરસુરપુર (દેવળીયા), વાવડી ખાતે ઝેરી દવા પીતા બે મહિલાના મોત

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં સામાન્ય વાતમાં મહિલાઓ મોતને મીઠું કરતા હોવાના બનાવો બનવા પામ્યા છે. જેમાં લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા અને બાબરાના વાવડી ગામની પરિણીતાએ ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેનુ મોત નિપજ્યુ હતુ. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામે રહેતા દિલીપભાઈ બાબુભાઈ ભીમાણીના પત્ની રસીલાબેને કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ટીકડા પી લેતા સારવાર દરમિયાન તેમનું મોત થયુ હતુ જયારે બાબરાના વાવડી ગામે રહેતા જયાબેન જીતુભાઈ સાડમીયા નામની મહિલાએ પણ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જયા તેમનું મોત થયુ હતુ. આમ, જિલ્લામાં બે પરિણીતાએ મોતને મીઠુ કરતા પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે.

# જાફરાબાદ તાલુકાના ઘેસપુર ગામે સામસામા બાઈક અથડાતા એકને ઈજા

ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડાયો

અમરેલી,તા.૦૮

જાફરાબાદ તાલુકાના ઘેસપુર ગામે રહેતા એક યુવકની મોટરસાયકલને આરોપીએ મોટરસાયકલ અથડાવતા યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જાફરાબાદના ઘેસપુર ગામે રહેતા જસુભાઈ પુજાભાઈ બોરીચાએ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે, તેનો ભાઈ મુન્નાભાઈ પુજાભાઈ બોરીચા તા. ૨ના રોજ રાત્રીના ૧૧:૩૦ કલાકે તેની મોટરસાયકલ લઈને વાડીએ પોતાના ગામ જતો હતો તે દરમિયાન નાના સાકરીયા-ટીંબી રોડ પર અજાણ્યા બાઈકચાલકે પુરઝડપે આવી મુન્નાભાઈની બાઈક સાથે અથડાવતા મુન્નાભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જેથી જસુભાઈએ અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરૂધ્ધ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

પોલીસના બદલે તસ્કરોનું રાત્રી પેટ્રોલીંગ શરૂ

# દામનગરમાં રામદેવપીર મંદિરમાં તાળા તોડી રૂા.૨૦,૦૦૦ની ચોરી

મંદિરના પુજારીએ અજાણ્યા તસ્કર સામે દામનગર પોલીસમાં ફરીયાદ કરી

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં ખાખીનો ડર ઓસર્યો હોય તેમ તસ્કરો હવે મંદિરમાં પણ બિન્દાસ્ત હાથફેરો કરી રહ્યાં છે. દામનગરમાં પોલીસના બદલે તસ્કરોએ રાત્રી પેટ્રોલીંગ શરૂ કરતા મંદિરને નિશાન બનાવી દાનપેટીના તાળા તોડી રૂા.૨૦,૦૦૦ની ચોરી થઈ હોવાની મંદિરના પુજારીએ પોલીસ ફરીયાદ નોંધાવી છે. ઢસા ગામે રહેતા અને દામનગર રામદેવપીર મંદિરમાં સેવાપુજા કરતા પુજારી જય ભરતભાઈ રાવલે દામનગર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, તા.૬ના રોજ રામદેવપીર મંદિરમાં અજાણ્યા શખ્સે પ્રવેશ કરી મંદીરમાં આવેલી દાનપેટીનું તાળુ તોડી દાનપેટીમાં રહેલા રૂા.૨૦,૦૦૦ રોકડ રકમની ચોરી કરી નાસી ગયો હતો. તસ્કરોએ હવે મંદિરોને પણ નિશાન બનાવવાનું શરૂ કરતા ભાવિકોમાં ભારે રોષ ફેલાયો છે. આ ચોરીની તપાસ પીએસઆઈ રાવલ ચલાવી રહ્યાં છે.

# અમરેલી જિલ્લામાંથી ૯ પ્યાસીઓ ઝડપાયા

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં દારૂડીયાઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરી છે છતાં પ્યાસીઓ ગમે ત્યાંથી દારૂની સગવડ કરી ઝુમતા હોવાથી પોલીસે જિલ્લાના વિવિધ શહેરોમાંથી આવા પ્યાસીઓને પકડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં વડીયાના રામપુર ગામેથી પ્રવિણ કાળુ રાખસીયા, કુંકાવાવમાંથી હકાભાઈ ગુલાબભાઈ પીંજારા, રાજુલાના નાના મોભીયાણા ગામેથી દિનેશ નરસી પરમાર, અરવિંદ ટાભજી પરમાર, રાજુલાના માંડળ ગામેથી નાના રતા વાળા, સા. કુંડલાના ભમ્મર ગામેથી ચકુર રણછોડ સોલંકી,અમરેલીના જુના ગીરીયા ગામેથી કરમશી મોહન ડાભી, અમરેલીમાંથી ઈમ્તીયાઝ કરીમ બ્લોચ, અમરેલીના બક્ષીપુર ગામેથી છગન નાગજી ડાભી નામના શખ્સને ઝડપી પાડ્યા હતા. પોલીસે આ તમામ લોકો સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધ્યો હતો.

# અમરેલીની પરિણીતા અને તેના પરિવારનો વિશ્વાસ કેળવી રૂા. ૩૦ લાખની છેતરપીંડી

પરિણીતાએ ત્રણ શખ્સો સામે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી

અમરેલી,તા.૦૮

અમરેલી પોલીસ દ્વારા છેતરપીંડીનો શિકાર ન બનો તે માટે વારંવાર સુચનાઓ આપવામાં આવે છે આમ છતાં અમુક શખ્સો પોતાના પરિચિતોનો વિશ્વાસ કેળવી રોકડ રકમ લઈ સારા વળતરની લાલચ આપી છેતરપીંડી કરતા હોય છે અને જયારે રકમ માંગવામાં આવે ત્યારે હાથ ખંખેરી લેતા હોય છે. આવો જ એક બનાવ અમરેલી શહેરમાં બનવા પામ્યો છે. જયાં એક પરિણીતાના સોનાના દાગીના તેમજ તેમના સસરા અને તેના પિતાની રોકડ રકમ લઈ કુલ રૂ.૩૦ લાખની છેતરપીંડીની ફરીયાદ નોંધાઈ છે. અમરેલીના કુંકાવાવ જકાતનાકા પાસે રહેતા અલ્પાબેન જીજ્ઞેશભાઈ ગોહિલે સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે, અલ્પાબેન પાસે રહેલુ ૧૮ તોલા સોનુ કિ.રૂ.૧૩,૫૦,૦૦૦ અને રોકડ રૂ.૪,૦૮,૦૦૦ તથા અલ્પાબેનના પિતા ડાયાભાઈ પાસેથી રૂ.૧૦,૦૦,૦૦૦ અને અલ્પાબેનના સસરા પાસેથી રૂ.૨,૫૦,૦૦૦ મળી કુલ રૂા.૩૦,૦૮,૦૦૦ મેળવી આરોપી રમેશ વશરામ ગોહિલ, વંશ રમેશ ગોહિલ અને વશરામ નારણ ગોહિલે સારા વળતરની લાલચ આપી અલ્પાબેન અને તેના પરિવારજનોનો વિશ્વાસ કેળવી નાણા મેળવી લીધા હતા. જયારે આ નાણા પરત માંગતા આરોપીઓએ હાથ અધ્ધર કરી દેતા અલ્પાબેને ત્રણેય શખ્સો સામે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૫૦૪ |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૪૬૮ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૬૪૦ | ૮૧૨ |
| તુવેર | ૧૨૦૫ | ૧૪૪૫ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૩૦૦ |
| અડદ | ૧૨૫૫ | ૧૬૧૮ |
| મગ | ૯૫૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૩૨૮ |
| વાલ પાપડી | ૧૮૦૧ | ૧૮૧૮ |
| વટાણા | ૭૦૦ | ૨૩૧૫ |
| રાજમા | ૮૮૦ | ૨૨૭૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૮૮ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૬૦ |
| અળશી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| તલી | ૧૭૩૫ | ૨૧૩૫ |
| સુરજમુખી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૭૨ |
| અજમો | ૧૧૦૫ | ૨૬૦૦ |
| સુવા | ૧૭૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૧૯ |
| સીંગફાડા | ૧૦૫૪ | ૧૩૩૦ |
| કાળા તલ | ૪૧૭૪ | ૫૪૦૦ |
| લસણ | ૭૨૫ | ૧૪૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૫૦ |
| મરચા સુકા | ૯૩૦ | ૨૪૦૫ |
| ધાણી | ૧૨૪૦ | ૨૧૧૧ |
| વરીયાળી | ૧૮૦૦ | ૩૨૦૦ |
| જીરૂ | ૪૦૫૧ | ૫૦૧૧ |
| રાય | ૧૦૭૦ | ૧૩૧૦ |
| મેથી | ૮૬૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૨૦૦૦ | ૨૪૫૦ |
| અશેરીયો | ૧૩૫૦ | ૧૪૨૫ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૫૫૦ |
| રાયડો | ૯૭૦ | ૧૦૮૦ |
| ગુવારનું બી | ૯૩૦ | ૯૬૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૩૦૦૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૪૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૧૧૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૬૧ | ૨૫૦ |
| ટમેટા | ૧૬૦ | ૨૪૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૯૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૫૦ |
| કારેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૧૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૯૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૦૦ |
| મેથી | ૧૫૦ | ૩૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૩૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| ગુંદા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૫૫ |
| ગીરનાર શીંગ | ૧૦૩૧ | ૧૦૮૩ |
| શિંગ મોટી | ૮૩૨ | ૧૦૭૫ |
| શિંગ ફાડા | ૯૫૬ | ૧૨૭૦ |
| તલ સફેદ | ૯૮૦ | ૨૨૭૨ |
| તલ કાળા | ૪૬૧૮ | ૫૦૦૦ |
| તલ કાશ્મીરી | ૧૮૩૫ | ૨૦૦૦ |
| બાજરો | ૫૬૦ | ૫૬૦ |
| જુવાર | ૪૪૦ | ૯૬૦ |
| ઘઉં બંસી | ૯૨૦ | ૯૨૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૮૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| મકાઈ | ૫૧૦ | ૫૫૧ |
| અડદ | ૫૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૮૭૦ | ૧૧૦૨ |
| ચણા દેશી | ૧૦૭૬ | ૧૨૨૬ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૩૬૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૭૨ |
| કપાસ | ૬૯૦ | ૧૪૯૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૭૮ |
| જીરૂ | ૨૧૫૦ | ૪૯૫૦ |
| રાયડો | ૯૫૨ | ૧૦૦૫ |
| રાય | ૮૭૫ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૯૯૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૧૦ |
| મરચા લાંબા | ૩૫૦ | ૨૨૧૦ |
| દેશી મરચા | ૫૦૦ | ૩૬૭૦ |
| કાંગ | ૫૦૦ | ૫૦૦ |
| સુવાદાણા | ૧૪૦૦ | ૧૬૩૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| શકકરીયા | ૨૦૦ | ૩૦૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| દૂધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફુદીનો | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૪૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૨૪૦ | ૩૬૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૬૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૯૦૦ |
| લસણ સુકુ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૫૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૯૦૧ | ૧૫૧૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૯૪૧ | ૧૨૧૬ |
| વરીયાળી | ૩૨૪૧ | ૩૨૪૧ |
| ધાણા | ૮૦૧ | ૧૮૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૩૫૧ | ૫૦૦૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૬૧ |
| રાયડો | ૯૫૧ | ૧૧૦૧ |
| રાય | ૯૦૧ | ૧૦૫૧ |
| મેથી | ૬૦૦ | ૧૨૫૧ |
| કાંગ | ૪૦૧ | ૫૮૧ |
| સુરજમુખી | ૧૦૦૧ | ૧૨૨૧ |
| મરચા | ૪૦૧ | ૨૦૫૧ |
| સફેદ ચણા | ૧૧૨૧ | ૨૨૭૧ |
| ધાણી | ૯૦૧ | ૨૦૭૬ |
| મરચા સૂકા ઘોલર | ૪૯૦૧ | ૪૯૦૧ |
| ડુંગળી સફેદ | ૧૦૪ | ૧૫૬ |
| બાજરો | ૩૧૧ | ૫૦૧ |
| જુવાર | ૬૦૧ | ૮૩૧ |
| મગ | ૧૩૦૧ | ૧૭૬૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૨૬ |
| વાલ | ૭૫૧ | ૧૨૫૧ |
| વાલ પાપડી | ૧૨૫૧ | ૧૫૯૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૨૧૦૧ |
| વટાણા | ૧૦૦૧ | ૨૦૯૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૫૦ | ૨૦૦ |
| મરચા | ૨૨૦ | ૮૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૬૦ |
| દુધી | ૪૦ | ૨૨૦ |
| ફ્લાવર | ૫૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૨૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૫૦૦ |
| કેરી કાચી | ૩૨૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૨ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૧૦૦ | ૨૦૦ |
| ગુંદા | ૭૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૨૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૩૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૪ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૮ | ૧૦ |
| ચોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૩૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૧૨૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| ફણશી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૦૦ |
| લસણ પુરા | ૨૫ | ૩૦ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **ધારી** | | |
| મગફળી | ૭૭૧ | ૧૦૨૫ |
| ઘઉં લોકવન | ૪૧૨ | ૪૯૩ |
| ચણા | ૧૦૪૨ | ૧૦૮૨ |
| તુવેર | ૧૦૭૦ | ૧૩૪૯ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૩૫ |
| એરંડા | ૧૧૭૦ | ૧૧૭૫ |
| જુવાર | ૭૨૫ | ૭૨૫ |
| જીરૂ | ૪૦૨૫ | ૪૦૨૫ |
| વાલ | ૯૮૦ | ૯૮૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૪૮૧ |
| મગફળી | ૯૦૧ | ૧૦૦૭ |
| ચણા | ૧૦૩૧ | ૧૦૮૫ |
| જુવાર સફેદ | ૭૨૦ | ૮૦૦ |
| તુવેર | ૧૧૧૨ | ૧૩૨૫ |
| સોયાબીન | ૭૬૫ | ૭૬૫ |
| ધાણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| એરંડા | ૧૧૫૩ | ૧૧૫૩ |
| જીરૂ | ૪૭૭૦ | ૪૭૭૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૫૬૨ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૮૩ |
| મેથી | ૮૩૫ | ૯૨૨ |
| ધાણા | ૯૭૦ | ૧૫૫૦ |
| મગફળી | ૬૦૦ | ૭૫૦ |
| મગ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૪૦ |
| અડદ | ૧૪૨૦ | ૧૪૨૦ |
| રાય | ૯૦૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૫૬૫ | ૭૩૪ |
| શીંગ ફાડા | ૧૧૨૦ | ૧૧૨૧ |
| એરંડી | ૧૧૨૪ | ૧૧૨૪ |
| ધાણી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| કાંગ | ૪૫૦ | ૫૧૬ |
| તુવેર | ૧૦૬૦ | ૧૩૩૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૮૦ | ૧૪૫૯ |
| કપાસ સી ગ્રેડ | ૭૫૫ | ૭૫૫ |
| એરડી | ૧૧૬૨ | ૧૧૬૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૯૮૧ | ૧૦૬૧ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૩૦ |
| બાજરી હાઇબ્રીડ | ૪૭૦ | ૬૦૨ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૪ |
| રાઇ | ૧૧૦૦ | ૧૧૪૮ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૪૨ |
| મેથી | ૮૫૦ | ૧૦૪૮ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૨૨ |
| જુવાર | ૬૧૧ | ૮૭૬ |
| એરડી | ૧૦૩૦ | ૧૧૮૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૭ |
| સોયાબીન | ૭૬૦ | ૮૩૮ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૬૨ |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૪૯ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૫૩ | ૧૦૫૩ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૫૨ |
| શીંગ જી.૨૦ | ૯૮૦ | ૧૦૫૫ |
| એરંડા | ૬૧૦ | ૧૧૭૬ |
| જુવાર | ૩૮૦ | ૮૨૨ |
| બાજરી | ૪૭૩ | ૬૨૩ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૮૧ |
| મકાઈ | ૪૨૧ | ૪૪૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| મગ | ૧૧૬૦ | ૨૨૭૧ |
| ધાણા | ૧૧૭૦ | ૧૪૫૧ |
| મેથી | ૫૨૦ | ૮૦૧ |
| ચણાનં.૩ | ૫૦૦ | ૧૧૦૦ |
| ચણા દેશી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૧૦ |
| તલ કાળા | ૪૭૦૦ | ૪૭૦૦ |
| તુવેર | ૬૧૦ | ૧૩૯૬ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૮૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૮૩ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૨૧૧ |
| કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૩૨ |
| નાળીયેર | ૪૦૦ | ૩૧૨૭ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૪૩ | ૧૦૧૨ |
| તલ પીળા | ૧૯૦૨૦ | ૧૯૨૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૭૧ |
| બાજરો | ૪૮૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૬૦૨ |
| જુવાર | ૬૦૨ | ૯૬૦ |
| મઠ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| અડદ | ૮૯૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૨૬૦ |
| ચણા | ૯૩૧ | ૧૦૮૯ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૯૬૦ |
| રાય | ૯૫૧ | ૧૧૦૧ |
| અજમા | ૧૯૫૧ | ૧૯૫૧ |
| એરડી | ૯૦૦ | ૧૦૭૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૪ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૯૮૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૭૧ |
| ઘઉ લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| ઘઉ ટુકડા | ૫૨૧ | ૬૫૦ |
| બાજરો | ૪૦૦ | ૬૦૦ |
| જુવાર | ૫૦૦ | ૭૨૩ |
| મકાઈ | --- | ૫૭૪ |
| મગ | ૧૩૫૦ | --- |
| અડદ | ૯૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૧૩૫ |
| દેશી ચણા | ૧૧૫૦ | ૧૩૭૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૬૦ |
| એરડી | ૧૧૨૫ | ૧૧૭૦ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૩૬૦ | ૧૭૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૭ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૪ |
| ચણા | ૯૦૧ | ૧૧૦૬ |
| તુવેર | ૮૦૧ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૧ | ૯૬૬ |
| શિંગ ફાડા | ૯૦૧ | ૧૧૫૬ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૬૪૬ |
| ધાણા | ૮૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સૂત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

સંજોગ ન્યૂઝ
# ઉત્સવ
બુધવાર, 09 એપ્રિલ, 2025




06
લાગે તો તીર :- "ચોર..ચોર..ચોર..!, ભાગો..ભાગો.. ભાગો..!,

# વક્ફની સંપત્તિઓનો ફાયદો મુસ્લિમોને નથી મળ્યો




અંતે વક્ફ એક્ટમાં સુધારો થઈ ગયો.

નરેન્દ્ર મોદી સરકારે વક્ફ એક્ટ, ૧૯૯૫માં સુધારો કરવા માટેનો ખરડો સંસદનાં બંને ગૃહોમાં પસાર કરી દીધો અને હવે રાષ્ટ્રપતિની સહી થતા જ નવો વક્ફ એક્ટ અમલમાં આવી ગયો. વિપક્ષોએ વક્ફ એક્ટમાં સુધારાનો વિરોધ કર્યો હતો. કેટલાક વિપક્ષી નેતાઓ આ સુધારા સામે સુપ્રીમ કોર્ટમાં પણ ગયા છે. વક્ફ એક્ટમાં સુધારા દ્વારા દેશના બંધારણને નાગરિકોને આપેલા મૂળભૂત અધિકારોનો ભંગ થાય છે એવી તેમની દલીલ છે. સુપ્રીમ કોર્ટ આ દલીલ સ્વીકારે એવી શક્યતા ઓછી છે એ જોતાં વક્ફ એક્ટમાં સુધારાનો કાયદો અમલમાં આવી જશે એ નક્કી છે.

વક્ફ એક્ટમાં કરાયેલા સુધારામાં સૌથી મહત્વની બાબત વક્ફ એક્ટની કલમ ૪૦માં કરાયેલો સુધારો છે. નરસિંહરાવની સરકારે વક્ફ એક્ટ, ૧૯૯૫ની કલમ ૪૦ હેઠળ કોઈ પણ સંપત્તિ વક્ફ છે કે નહીં એ નક્કી કરવાનો અધિકાર વક્ફ બોર્ડને આપી દીધો હતો. આ કલમનો ભયંકર દુરૂપયોગ કરાયો અને વક્ફ બોર્ડના ભ્રષ્ટ હોદ્દેદારોની મિલિભગતમાં મુસ્લિમોના બની બેઠેલા ઠેકેદારોએ સંપત્તિઓ હડપ કરી એવા આક્ષેપો મોટા પ્રમાણમાં થયા છે. કોઈપણ સંપત્તિ પર નજર ઠરે એટલે ખોટા દસ્તાવેજો બનાવીને સંપત્તિને વક્ફ સંપત્તિ જાહેર કરી દેવાતી. આ નિર્ણયને ટ્રિબ્યુનલમાં જ પડકારી શકાતો તેથી કલમ ૪૦ હેઠળ વ્યાપક ભ્રષ્ટાચાર થયો.

ટ્રિબ્યુનલના નિર્ણય સામે અપીલ કરવી હોય તો હાઈકોર્ટમાં જઈ શકાય પણ તેના માટેની કાનૂની પ્રક્રિયા અટપટી હોવાથી લોકો થાકી જતાં. આ જોગવાઈ લેન્ડ ગ્રેબિંગને કાયદેસરતા આપનારી હતી તેથી ખરેખર નાબૂદ થવી જોઈતી હતી. મોદી સરકારે સાથી પક્ષોના કારણે તેને નાબૂદ નથી કરી પણ તેમાં સુધારો કરીને ટ્રિબ્યુનલને બદલે અદાલતોને વધારે સત્તા આપી છે.

આ જોગવાઈના કારણે બે ફાયદા છે. પહેલો ફાયદો ન્યાયતંત્રની મહત્તા સ્થાપિત થઈ છે. લોકશાહીમાં અદાલતોના બદલે કોઈ ટ્રિબ્યુનલ પાસે વધારે સત્તા હોય એ શરમજનક કહેવાય ને મોદી સરકારે એ શરમ દૂર કરી છે. બીજું એ કે, ટ્રિબ્યુનલ પર અંકુશ આવતાં ભ્રષ્ટાચાર ઘટશે.

વક્ફ એક્ટની કલમ ૪૦ના કારણે વક્ફ બોર્ડની છાપ લેન્ડ માફિયા તરીકે પડી ગયેલી કે જે ગમે તેની જમીન પચાવી પાડી શકે છે. કાયદામાં સુધારાના કારણે આ છાપ પણ બદલાશે.

■■■

ભારતમાં વક્ફ સંપત્તિઓ ગેરવહીવટનો શિકાર છે.

હાલમાં ભારતમાં ૨ લાખ કરોડની વક્ફ સંપત્તિઓ હોવાનું મનાય છે પણ તેમાંથી માત્ર ૨૦૦ કરોડ રૂપિયાની આવક થાય છે. મતલબ કે, વક્ફ સંપત્તિઓ પર વાર્ષિક વળતર ૦.૧ ટકા મળે છે. બેંક ફિક્સ્ડ ડીપોઝિટના દરે એટલે કે વાર્ષિક ૭ ટકાના દરે ગણીએ તો પણ વર્ષે ૧૪ હજાર કરોડ રૂપિયાની આવક થવી જોઈએ. દેશનાં બીજાં લોકો માટે નહીં પણ માત્ર ભારતના મુસ્લિમોના કલ્યાણ માટે જ આ રકમ વપરાય તો પણ મુસ્લિમોની સામાજિક અને આર્થિક સ્થિતીમાં મોટો ફરક આવી જાય પણ કમનસીબે વક્ફ સંપત્તિઓ પર ચોક્કસ સ્થાપિત હિતો કબજો કરીને બેસી ગયાં છે તેથી તેમના સિવાય કોઈને ફાયદો થતો નથી.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

ભારતમાં અત્યારે કુલ ૩૨ વક્ફ બોર્ડ છે અને તેમની પાસે દેશભરમાં ૮,૭૨,૨૯૨ અચલ મિલકતો છે. મુસ્લિમોના સીધા ઉપયોગમાં લેવાતાં કબ્રસ્તાન, ઈદગાહો, મસ્જિદો વગેરે વક્ફ એસ્ટેટ ગણાય છે કે જેનો બીજો ઉપયોગ ના થઈ શકે. દેશનાં વક્ફ બોર્ડ્સ પાસે ૩,૫૬,૦૩૧ વક્ફ એસ્ટેટ અને ૧૬,૧૭૩ ચલ સંપત્તિ છે. ભારતમાં ૩૦ વક્ફ બોર્ડ સુન્નીઓનાં જ્યારે બે વક્ફ બોર્ડ શિયાઓનાં છે. ઉત્તર પ્રદેશ અને બિહાર મુસ્લિમોની નોંધપાત્ર વસતી ધરાવતાં રાજ્યો હોવાથી શિયાઓ અને સુન્નીઓનાં અલગ અલગ વક્ફ બોર્ડ છે.

ભારતમાં ૯.૪ લાખ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી વકફની સંપત્તિની કુલ કિંમત ૧.૨૦ લાખ કરોડ રૂપિયા અંદાજાય છે કેમ કે મોટા ભાગની વક્ફ મિલકતો ખંડિયેર હાલતમાં છે. આ મિલકતોને બજારમાં વેચાણ માટે મૂકવામાં આવે તો ૨ લાખ કરોડ રૂપિયાથી વધારે ઉપજે.

શાશ્વત કમિટીના ચેરમેન જસ્ટિસ શાશ્વત કુમારે ૨૦૧૧માં ભારતમાં મુસ્લિમોની સ્થિતી વિશે રિપોર્ટ તૈયાર કર્યો હતો. આ રિપોર્ટ પ્રમાણે ૧.૨૦ લાખ કરોડ રૂપિયાની જમીનો ધરાવતી વકફ સંપત્તિઓ વરસે ઓછામાં ઓછી ૧૨ હજાર કરોડ રૂપિયાની કમાણી કરી શકે પણ તેના બદલે માત્ર ૧૬૩ કરોડ રૂપિયાની કમાણી થતી હતી. ૨૦૧૦-૧૧માં ભારતમાં સૌથી વધારે કમાણી હરિયાણા વકફ બોર્ડની ૧૭.૦૩ કરોડ રૂપિયા હતી.

શાશ્વત કમિટીના રિપોર્ટ પ્રમાણે, વકફ સંપત્તિઓનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે સિનિયર મુસ્લિમ સરકારી અધિકારીઓ જ નથી તેથી મુસ્લિમોના બની બેઠેલા ઠેકેદારો તેનો વહીવટ કરે છે કે જેમને પોતાનાં હિતો સાચવવામાં જ રસ છે. શાશ્વત કમિટીએ વકફ સંપત્તિઓના સંચાલન માટે અલગ કેડર ઉભી કરવા ભલામણ પણ કરી હતી.

કોંગ્રેસ શાસનમાં આ ભલામણનો અમલ ના થયો.

સુધારેલા વક્ફ એક્ટમાં વક્ફ સંપત્તિઓના સંચાલનમાં બિન-મુસ્લિમોનો પણ સમાવેશ કરાશે. તેના કારણે આ સંપત્તિઓનો યોગ્ય રીતે વહીવટ થાય અને કમાણી થાય તો મુસ્લિમોનું જ ભલું થવાનું છે.

■■■

ભારતમાં ૮૮ હજારથી વધારે વક્ફ સંપત્તિઓ કાનૂની વિવાદમાં અટવાયેલી છે.

ભારતમાં વકફ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા (**WAMSI**)ની વેબસાઈટ પર તમામ રાજ્યોમાં આવેલી તમામ વક્ફ સંપત્તિઓની વિગતો ઉપલબ્ધ છે. આ વેબસાઈટના આંકડા પર નજર નાંખો તો ખબર પડે કે, ભારતમાં રેલવે અને સંરક્ષણ મંત્રાલય પછી સૌથી વધુ જમીન વક્ફ બોર્ડ્સ પાસે છે.

કમનસીબે વક્ફ સંપત્તિઓને લગતા વિવાદો પણ પુષ્કળ છે. વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી પ્રમાણે, વેબસાઈટ પર વકફ સંપત્તિને લગતી ૫૮ હજારથી વધારે ફરિયાદો નોંધાયેલી છે. આ સિવાય રાજ્ય સરકારોનાં વકફ બોર્ડ પાસે ૧૨,૭૦૦ કેસો પેન્ડિંગ છે. વકફ ટ્રિબ્યુનલમાં ૧૮,૪૦૦ કેસોનો નિકાલ થવાનો બાકી છે. હાઈકોર્ટો તથા સુપ્રીમ કોર્ટમાં પણ વક્ફના વિવાદના ૧૬૫ કેસ છે. આ બધું મળીને ૮૮ હજારથી વધારે સંપત્તિ થઈ. તેનો મતલબ એ થયો કે, ભારતમાં લગભગ ૧૦ ટકા વકફ સંપત્તિઓ કાનૂની વિવાદમાં ફસાયેલી છે.

બહુ મજાની વાત એ છે કે, આ પૈકીના ૬૦ ટકા વિવાદોમાં બંને પક્ષકારો મુસ્લિમો છે. કોઈએ દાનમાં આપેલી સંપત્તિ બારોબાર વેચીને વકફ બોર્ડના સભ્યોએ કમાણી કરી લીધી હોવાના સંખ્યાબંધ કેસ થયેલા છે. સંખ્યાબંધ વકફ સંપત્તિઓના વહીવટમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપના વિવાદ છે. ઘણી સંપત્તિઓ દાનમાં નથી અપાઈ પણ વકફ બોર્ડ દ્વારા પડાવી લેવાઈ છે એ પ્રકારના વિવાદો પણ છે.

ભારતમાં તમામ રાજ્યોનાં વકફ બોર્ડમાં રાજકારણીઓનું પ્રભુત્વ છે. મુસ્લિમ મતબેંકના ઠેકેદારો વકફ બોર્ડ્સ પર ગૂંચળું વાળીને બેઠા છે. આ રાજકારણીઓ વકફ સંપત્તિનો ઉપયોગ પોતાના અંગત સ્વાર્થ સાધવા અને આર્થિક ફાયદો મેળવવા કરે છે તેથી વિવાદો થયા છે.

નવા કાયદાના કારણે વક્ફ બોર્ડનું માળખું બદલાશે તેથી નવા વિવાદો બહુ ઉભા નહીં થાય. જૂના વિવાદોમાં પણ ઝડપથી નિવેડો આવશે તેથી સરવાળે વક્ફ સંપત્તિઓ વિવાદમાંથી મુક્ત થશે અને સમાજને ફાયદો થશે.

■■■

મુસ્લિમોએ જાગવાની જરૂર છે.

વક્ફ એક્ટમાં સુધારાનો વિરોધ કરી રહેલાં લોકો મુસ્લિમોનાં નહીં પણ પોતાનાં હિતો સાચવી રહ્યા છે એ વાત મુસ્લિમો સમજે એ જરૂરી છે. પોતાના સ્વાર્થ માટે આ લોકો ધર્મના નામે મુસ્લિમોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મુસ્લિમ સંગઠનો વકફ એક્ટમાં સુધારાનો વિરોધ કરી રહ્યા છે અને એવો પ્રચાર કરી રહ્યાં છે કે, વકફ બોર્ડની સંપત્તિઓ પર કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર કબજો કરવા માગે છે તેથી આ સુધારા કરી રહી છે.

વાસ્તવમાં તેમનો કબજો છૂટી જવાનો છે તેનું દુઃખ છે.

વક્ફ મુસ્લિમોની ધાર્મિક પરંપરા છે ને તેનો ઉદ્દેશ મુસ્લિમોનું ભલું કરવાનો છે. કોઈ વ્યક્તિ પોતાની સંપત્તિ દાનમાં એટલે આપે છે કે જેથી તેનો ઉપયોગ સમાજના હિતમાં થાય પણ ભારતમાં વક્ફ એટલે કે દાનમાં અપાયેલી મોટા ભાગની સંપત્તિઓનો ઉપયોગ મુસ્લિમોના બની બેઠેલા ઠેકેદારોના ફાયદા માટે થયો છે, મુસ્લિમ સમાજ માટે નહીં. વક્ફ સંપત્તિઓના વહીવટમાંથી એ લોકો માલદાર અને સમૃધ્ધ બન્યા, મુસ્લિમ સમાજ નહીં. હવે આ સ્થિતી સુધરે એવી આશા છે.

■ sanjogpurti@gmail.com

# "લાસ્ટ એક્શન હીરો": એક ગ્રેટ એક્શન કોમેડી




૧૯૯૩માં રિલીઝ થયેલ, "લાસ્ટ એક્શન હીરો" એ આર્નોલ્ડ શ્વાર્ઝેનેગર અભિનીત એક્શન કોમેડી ફિલ્મ છે, જે હીરો, જેક સ્લેટર અને તેનું એક કાલ્પનિક સંસ્કરણ છે. જ્હોન ક્ટિરેનન દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ એક્શન મૂવીઝ, સંમિશ્રણ રમૂજ, ક્રિયા અને કાલ્પનિક તત્વોની પેરોડી છે. આ ફિલ્મ ડેની મેડિગન ( સ્ટિન ઓ બ્રાયન) ને અનુસરે છે, એક નાનો છોકરો, જે જાદુઈ ટિકિટ શોધે છે જે તેને મૂવીઝની શ્રેણીમાંથી કાલ્પનિક એક્શન હીરો જેક સ્લેટરની દુનિયામાં લઈ જાય છે. ડેની તેના સાહસોથી જેક સાથે જોડાય છે. દરમિયાન, શ્વાર્ઝેનેગરનું વાસ્તવિક જીવનનું વ્યકિતત્વ રજૂ કરવામાં આવ્યું છે, જેમાં વાર્તામાં મેટા લેયર ઉમેરવામાં આવે છે.

"લાસ્ટ એક્શન હીરો" મજાક ઉડાવતાની એક્શન ફિલ્મ શૈલી પર હોશિયારીથી ટિપ્પણી કરે છે. શ્વાર્ઝેનેગરની ડ્યુઅલ ભૂમિકા રમૂજમાં વધારો કરે છે, કારણ કે તેનું વાસ્તવિક જીવનનું વ્યકિતત્વ તેના કાલ્પનિક પાત્ર સાથે સંપર્ક કરે છે.

આ ફિલ્મ પણ પલાયનવાદના વિચારની શોધ કરે છે, કેમ કે ડેની જાદુઈ ટિકિટનો ઉપયોગ તેના ભૌતિક જીવનમાંથી બચવા માટે કરે છે. તેમ છતાં, જેમ જેમ વાર્તા પ્રગતિ કરે છે, ડેનીને ખ્યાલ આવે છે કે જેક સ્લેટરની કાલ્પનિક દુનિયા તેની સમસ્યાઓ વિના નથી, અને તેણે તેની ક્રિયાઓના પરિણામોનો સામનો કરવો જ જોઈએ.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

ફિલ્મના એક્શન સિક્વન્સ ૧૯૯૦ ના દાયકાની એક્શન મૂવીઝની લાક્ષણિકતા છે, જેમાં શ્વાર્ઝેનેગરે વન-લાઈનર્સ ફટકારીને ભારે લોકપ્રિયતા મેળવી હતી. ફિલ્મને સમીક્ષકો દ્વારા મિશ્ર પ્રતિભાવો મળ્યો હતા તેમ છતાં આજે પણ **youtube** ના જમાનામાં એટલી જ જોવાય છે અને આર્નોલ્ડની એક યાદગાર ફિલ્મોની યાદીમાં તેનું નામ લેવાય છે. વિશ્વભરની ક્લાસિક ફિલ્મોમાં આ એક્શન કોમેડીનું એક અનોખું સ્થાન છે.

■ naranbaraiya277@gmail.com

# હૃદયમાં હિંમત અને ચહેરા પર હાસ્ય રાખો...



આ પૃથ્વી ઉપર જન્મ મળવો એ સારા કર્મનું ફળ છે. મનુષ્ય તરીકે આ ધરા પર જ્યારે જીવન મળ્યું છે ત્યારે ગમે તેટલી આપત્તિ આવે તેવા સમયે ખુશ કઈ રીતે રહેવું તેની સંજીવની જે મનુષ્ય કેળવી લે તેને ક્યારેય પણ દુઃખી થવાનો વારો આવતો નથી.

સંસારના માર્ગમાં સુખ અને દુઃખ બંને આવવાના છે. તેવા સમયે સ્થિતપ્રજ્ઞ રહેવાની કેળવણી જે માનવીએ હસ્તગત કરી લીધી છે તે સુખી માણસ છે. હૃદય તો વિશાળ સાગર જેવું છે. તેમાં દુઃખ અને સુખ બંનેને સમાવીને અમૃત આપણે નિર્માણ કરવાનું છે.આપણા હૃદયમાં પવિત્ર ભાવ અને આત્મીયતાની ઉર્મિઓ જ્યારે વ્યક્ત કરવાની આવે તે સમયે હિંમત હાર્યા વગર આપત્તિના સમયે મક્કમ મનથી સામનો કરવો જ રહ્યો, તેમજ સુખ આવે ત્યારે દુઃખની અવગણના કરવી નહીં.

આ પૃથ્વી ઉપર કેટલાક માણસો માત્ર રોદણા રડતા હોય છે. મારા સિવાય બીજા કોઈને દુઃખ જ નથી. આવી બાબતો માણસને પરાસ્ત કરી દે છે. ગમે તેટલી આપત્તિ આવે તેનો સામનો કરવો એ જ અંતિમ માર્ગ છે. ઘણી વખત દિવ્યાંગ વ્યક્તિને પગ ન આપ્યા હોવા છતાં મક્કમ મને મુકામ સુધી પહોંચી જાય છે. અને જે લોકોને પગ હોય છે તે હવામાં તુક્કા મારે મારાથી નહીં પહોંચાય, હું થાકી જઈશ, પછી જઈશ, આવા બધા નકારાત્મક વિચારો થકી કુદરતે આપેલા પગનો સમયસર ઉપયોગ કરી શકતો નથી તેના કારણે તે મુકામ સુધી પહોંચી શકતો નથી. મુકામ સુધી પહોંચવા માટે મક્કમ મનથી આત્મવિશ્વાસ સાથે કદમ મિલાવવા પડે અને હિંમત હાર્યા વગર પરિશ્રમ કરવો પડે તો પહોંચાય.

સરદાર પટેલ અંગ્રેજો સામે હિંમત હારી ગયા હોત તો દેશને આઝાદી મળી હોત? ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ અને ચંદ્રશેખર આઝાદ આ બધા યુવા ક્રાંતિકારીઓ દેશની આઝાદી માટે અંગ્રેજો સન્મુખ સામી છાતીએ લડ્યા. જો તેમણે હૃદયમાં હિંમત ન રાખી હોત તો આજે તેમના નામનો ઈતિહાસ હોત? તેમના મનની અંદર રાષ્ટ્ર પરત્વેની રાષ્ટ્રભાવના લોહીના પ્રવાહમાં નિરંતર વહેતી હોવાથી દેશ માટે શહીદ થઈ ગયા. આવા ક્રાંતિકારીઓ હિંમતના કારણે દેશનું ગૌરવ બન્યા. અંગ્રેજો સામે અડગ રહીને દેશ માટે ઝઝૂમ્યા. આ ક્રાંતિકારીઓને અંગ્રેજોએ અનેક પ્રકારની પાશવી તકલીફો આપી તેમ છતાં દેશ માટે હૃદયમાં હિંમત સાથે તેમના ચહેરા ઉપર હાસ્ય થકી યુવાનોમાં રાષ્ટ્રભાવના માટે ખપી જવાની નૈતિક હિંમતનું નિર્માણ કરવામાં તેઓ સફળ બન્યા.

આજના ભૌતિકવાદમાં લોકોના માનસ શોર્ટ ટેમ્પર થઈ ગયા છે. સાહસ વિના સિદ્ધિ નહિ, તેમ હિંમત વિના હામ નહિ.. કેટલાક લોકોના ચહેરા સવાર સવારમાં જોવામાં આવે તો દિવસ બગડે તેવા કરમાઈ ગયેલા તેમજ ઉતરી ગયેલી કઢી જેવા હોય છે. કેટલાક લોકો નકારાત્મક પ્રાણવાયુથી જીવે છે એટલે જીવનમાં સિદ્ધિ મેળવી શકતા નથી. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આટલી વ્યસ્તતા વચ્ચે રાષ્ટ્રસેવાના કાર્યમાં નિરંતર ખુશ રહે છે. કારણ કે જે વ્યક્તિના હૃદયમાં સારું કરવાની ભાવના હોય તેને કુદરત દ્વારા અમીપ શક્તિ પ્રાપ્ત થાય છે. આપણા વડવાઓ હંમેશા કહેતા હતા કે ક્યારેય પણ હિંમત હારવી નહીં. આજના છોકરાઓ છીપકલીથી ગભરાય છે. નાના બાળકોને માનસિક અને શારીરિક રીતે મજબૂત બનાવવા માટે હકારાત્મક ભાવ સાથે તેમને કેળવવા પડશે. ઘણી વખત બાળક પડી જાય ત્યારે રાયનો પર્વત જેવી વાતો એની સન્મુખ વ્યક્ત કરીને દુર્બળ બનાવવાનો જનસમાજ દ્વારા પ્રયાસ થાય છે. શિક્ષકનું સાચું કામ મડદાઓને જીવંત કરવાનું છે. કેટલીક વખત શિક્ષકમાં જ હિંમત ના હોય તો બાળકોને કઈ રીતે કેળવી શકશે.? ખોટું કરવામાં જે હિંમત રાખીએ છીએ તે કાયરતા છે. સાચું કરવામાં જ હિંમત છે. સરદાર પટેલનું એક વાક્ય છે, 'સાચું બોલતા ક્યારેય પણ ગભરાતા નહીં. કાળજુ સિંહનું રાખજો ક્યારેય કોઈથી ડરવાની જરૂર નથી.' આવી પ્રબળ ભાવના હૃદયમાં હશે તો ચહેરા ખીલેલા જોવા મળશે. બાકી કેટલાક લોકો જીવતા હોવા છતાં મૃત હોય છે.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આધ્યાત્મિકતા અને સમજણ આજના સમયગાળા દરમિયાન અનિવાર્ય છે. હૃદયમાં પવિત્રતા અને પ્રેમાળતા સતત હોવી જોઈએ. એકબીજાના સુખમાં અને દુઃખમાં બંનેમાં સાથ આપવો તે જ મોટી કેળવણી છે. જીવનના મૂલ્યો એ જ સાચી કેળવણી છે. બાળકોમાં આત્મવિશ્વાસ અને હિંમત કંડારવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. દેશના જવાનો હિંમત દાખવીને દુશ્મનોને પરાસ્ત કરે છે. તેમના હૃદયમાં મા ભારતીની રક્ષા કરવાની તમન્ના હોય છે એટલે જ દેશ સલામતી અનુભવે છે. માટે જીવનમાં સારા નાગરિક બની હૃદયને પવિત્ર બનાવી હંમેશા ખુશ રહેવા માટે પ્રયાસ કરીએ તે જ જીવન. બાકી મૃત આત્મા કહેવાશો.

■ Mo.9825702282

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



પંચામૃત શું છે?

- પૂજા કરતી વખતે ભગવાનની મૂર્તિનો પંચામૃતથી અભિષેક થાય છે આ પાંચ અમૃત સમાન પદાર્થો છે ઘી, દૂધ, દહીં, મધ અને સાકર. આ જ પંચામૃતનો પ્રસાદ પણ લેવાય છે એ અત્યંત સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે.

- ભોજનમાં ગળી ચટણી જેવું પણ ખટ મધુરું પંચામૃત હોય છે જેમાં આમલી, મરચું, મીઠું, ગોળ અને ધાણા હોય છે તો પ્રુવ ખારેક વગેરે પણ નાખવામાં આવે છે.

- પંચ ખાદ્ય કોને કહેવાય?

- પંચ ખાદ્ય એટલે પાંચ પ્રકારના ખાદ્ય પદાર્થોની ભેળ. આ પાંચ ખાદ્યો છે ખારેક, ટોપરું, સાકર, કાજુ અને દ્રાક્ષ. ક્યારેક કાજુ ને બદલે મગફળીના દાણા પણ હોય.

- આ આ પંચ ખાદ્ય સૂકા પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. બાળકોના પૌષ્ટિક નાસ્તામાં પણ વપરાય છે.

- પંચ કણકી કોને કહેવાય.

- ચોખા ચડતી વખતે એટલે કે ડાંગરના ફોતરા કાઢીને ચોખા જુદા કાઢતી વખતે કેટલાક ચોખાના દાણા ભાંગીને એના નાના ટુકડા થઈ જાય છે એને ચોખાની કણકી કહેવામાં આવે છે. એ જ રીતે મગ ભરડીને દાળ બનાવતી વખતે, જુવાર છડતી વખતે નાના ટુકડા થાય છે તેને પણ કણકી કહેવાય છે. આવા પાંચ જુદા જુદા અનાજની કણકી ભેગી થાય તેને પંચ કણકી કહેવાય છે. જુદા જુદા મત ધરાવતા એકબીજાની સાથે મેળ વગરના લોકો એક સમૂહમાં ભેગા થાય ત્યારે પણ એને પંચ કણકી કહેવામાં આવે છે.

-બપોરના ભોજનનો સાચો સમય કયો ગણાય.

- ભોજનનો સંબંધ સૂર્યની સ્થિતિ સાથે છે જેમ સૂર્ય ચડતો જાય તેમ જઠરાગ્ની પ્રદીપ્ત થતો જાય.

- જઠરાગ્ની પ્રદીપ્ત થયા પહેલા પણ ન જમાય અને જઠરાગ્ની ઓલવાઈ ગયા પછી પણ ન જમાય. તે રીતે મધ્યાહ્ન અથવા મધ્યાહ્નની થોડુંક પહેલા બપોરના ભોજનનો યોગ્ય સમય ગણાય.

શારીરિક રીતે જોઈએ તો ભૂખ લાગે એ ભોજનનો સાચો સમય ગણાય. ભૂખ લાગ્યા પહેલા પણ ન જમવું અને ભૂખને મરી જવા પણ ન દેવી અને ભૂખ મરી જાય પછી પણ ન જમવું.

- ભૂખ લાગવી અને મધ્યાહ્ન બંને સાથે થાય તો ઉત્તમ. શરીરને એવી ટેવ પાડવાથી પડે છે.

- દિવસમાં કેટલી વખત ખાવું જોઈએ?

- ભૂખ અનુસાર ભૂખ લાગે ત્યારે ખાવું એ સ્વાભાવિક નિયમ છે. સ્વાસ્થ્ય, શરીરનું બંધારણ, ઉંમર અનુસાર ભૂખનું પ્રમાણ હોય છે. ક્યારેક ભૂખ પણ સાચી કે ખોટી હોય છે.

- સામાન્ય રીતે યોગ્ય સમયે યોગ્ય રીતે એક વખત જમ્યા પછી ઓછામાં ઓછા ચાર કલાક અને સામાન્ય રીતે અથવા વધુમાં વધુ છ કલાક સુધી કશું ન ખાવું જોઈએ. એક વખત ખાધેલું પચી ગયા પછી જ બીજી વખત ખાવું જોઈએ પરંતુ આ બધા યાંત્રિક નિયમો છે ખરેખર તો પોતાની ભૂખને ઓળખવી જોઈએ.

- ઉપવાસ કરવાની સાચી પદ્ધતિ કઈ છે.

- ઉપવાસ શબ્દનો સીધો અર્થ થાય છે નજીકનો વાસ કરવો. નજીક એટલે ઈશ્વરની નજીક અર્થાત ઈશ્વરમાં, ઉપાસનામાં, જપમાં, ધ્યાન ધારણામાં મન લાગ્યું રહે એ રીતે આહાર કરવા કે ન કરવાને ઉપવાસ કહેવાય. ઉપવાસ કરવાની અનેક રીતો છે.

- આખો દિવસ કશું જ ન લેવું, પાણી પણ ન પીવું એને નકોરડો ઉપવાસ કહે છે.

- ફળ અને દૂધ જ લેવું એ પણ એક રીત છે. કેટલાક લોકો મીઠું, તેલ, મરચું નથી લેતા. કેટલાક લોકો બટેટા, સુરણ, સાબુદાણા વગેરે ખાઈને ઉપવાસ કરે છે. કેટલાક લોકો એક વખત જમીને ઉપવાસ કરે છે

- કેટલાક એક વખત અન્ન અને બાકી બધો સમય ફરાળી વાનગીઓ ખાઈને ઉપવાસ કરે છે.

- દરેકે પોતાની પ્રકૃતિ અનુસાર શુદ્ધ ભાવનાથી ઉપવાસ અને સ્વયં કરવાના ઉદ્દેશથી શરીરને હળવું અને સ્વસ્થ રાખવા માટે પોતાને માફક આવે એ રીતે ઉપવાસ કરવા જોઈએ.

- ઉપાસના માટે નહીં પરંતુ કેવળ શરીરના આરોગ્ય લાભ માટે પણ ઉપવાસ કરવામાં આવે છે. આવા ઉપવાસ સલાહ અનુસાર કરવા જોઈએ.

- કેટલાક લોકો દેખાદેખી, કંઈક નવું ખાવા મળશે એમ જાણીને ઉપવાસ કરતા હોય છે એને આભાસી ઉપવાસ કહેવાય સાચો નહીં.

વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# "ચોર.. ચોર.. ચોર...!, ભાગો..ભાગો.. ભાગો...!,"



"ચોર..ચોર..ચોર..!, ભાગો..ભાગો.. ભાગો..!, પકડો..પકડો..પકડો..!, ચોર..ચોર..ચોર..!!"

બકાએ આખું ગામ ગજવી મૂક્યું.

બેરાલાલ, બોસ અને અભણ અમથાલાલે ચારે બાજુ જોયું પરંતુ ચોર જેવું કાંઈ દેખાયું નહીં.

"અરે..અરે..બકા, તું ચોર..ચોર..ચોર.. ઘાંટા પાડે છે. પરંતુ ચોર તો ક્યાંય દેખાતો નથી. તે ચોરને ક્યાં જોયો ? ક્યાં ભાગતાં જોયો ? એમણે કોનાં ઘરે ચોરી કરી?"

"આ..આ ઉપરનો ફોટો જૂઓ. નવીન જાતનો ચોર તમને દેખાતો નથી? ખુરશી લઈને ભાગતો ચોર તમને દેખાતો નથી?"

"બકા, ઈ ફોટો છે. ચોર નથી. "

"તો પછી, એ ખુરશી લઈને કેમ ભાગે છે? એમની ખુરશી સિધ્ધુની ખુરશીની જેમ કોઈ છીનવી લેવાં માગે છે? પડાવી લેવા માંગે છે?"

"અરે બકા ઈ રાજકારણી છે. પણ ભારતનાં રાજકારણી નથી કે, ખુરશી હારે જ ઉપર જાય.

આપણે ત્યાં જીવે ત્યાં સુધી ખુરશીનો મોહ છૂટતો જ નથી. પણ, આ વાત જરાં જુદી છે."

"જુદી એટલે? મને તો ઈ ખુરશીનો ચોર જ લાગે છે. ચોરી કરતાં કોઈ ભાળી ગયું હોય અને હાથ એકનો જીભડો નીકળી જાય એમ આનોય જીભડો તો નીકળી જ ગયો છે. ભલે કદાચ! એ ભારતનો સફેદ કપડાં વાળો ચોર નહીં હોય. વિદેશનો ચોર હશે પણ, છે તો ચોર જ."

"અરે..બકા, ઈ ચોર નથી. ઈ વડાપ્રધાન છે."

"લો કર લો બાત. મોદી સાહેબને હું ના ઓળખું?

અરે.. એની આખેઆખી કેબિનેટને હું ઓળખું છું. આ વડાપ્રધાન મોદી તો નથી જ. અને ઈ શા માટે જીભડો કાઢે ?? બીજાં કેટલાં'યને જીભડા કાઢતાં કરી મૂક્યાં છે. ના ના ના. એ આપણાં વડાપ્રધાન તો નથી જ."

"બકા, ઈ આપણાં વડાપ્રધાન નથી. પણ, વડાપ્રધાન છે ઈ વાત પાક્કી."

"ખુરશી લઈને ભાગતાં વડાપ્રધાન પેલાં જોયાં. વડાપ્રધાનની આગળ પાછળ ભાગતાં ઘણાંને જોયાં છે. પણ..હા પણ, એ ક્યાંના વડાપ્રધાન છે?"

બેરાલાલને હવે કીડીઓ ચડી રહી હતી.

"બકા બકા, તું ખુબ ઉતાવળો. તે તો રજનું ગજ કરી નાંખ્યું. અને સોયને સાંબેલું બનાવી દીધું. આપણાં વડાપ્રધાનને દુનિયા આખી સલામ ભરે છે. અને તે ચોર હારે સરખામણી કરી દીધી?"

"ના ના ના. બેરાલાલ, હું તો આપણાં વડાપ્રધાનને સારી રીતે ઓળખું છું. મે તો એમને આજે તો શું ક્યારેય ચોર કહ્યાં જ નથી. હા, વિપક્ષ વાળા કયારેક કયારેક બૂમ બરાડા પાડતાં હોય છે. ચોકીદાર ચોર હૈ. ચોકીદાર ચોર હૈ. પણ, આમેય હવે વિપક્ષનું સાંભળે છે જ કોણ !?? અને વિપક્ષ દેખાય જ છે વાર -પરબે. એટલે બેરાલાલ તમે હવે કાનનું મશીન રાખવા માંડો.

પણ, હજીય એક વાત તો ઊભી જ છે કે, આ વડાપ્રધાન છે ક્યાંના??"

અભણ અમથાલાલે હવે બાજીને હાથમાં લીધી.

"એ જસ્ટિન.."

અમથાલાલ આગળ બોલે એ પહેલાં જ પાછાં બેરાલાલ વચ્ચે ખાબકયાં.

"પણ, જસ્ટિસ તો રૂપિયાનાં કોથળામાં પકડાણાં હતાં ઈ!?? એ તો હાઈકોર્ટના જજ છે. એ ક્યાં વડાપ્રધાન છે?"

"બેરાલાલ, તમે પેલાં નામ તો પુરૂં સાંભળો.

જસ્ટિન ટ્રૂડો. એ કેનેડાના વડાપ્રધાન છે. (મતલબ હતાં.) એમને એમનાં દેશમાં કોઈ હારે પંગો લેવો ભારે પડયો. એટલે એમણે રાજીનામું આપવું પડ્યું."

"મેં તો સાંભળ્યું 'તું કે, એમણે પંગો તો આપણી હારેય લીધો તો. ઈ વાત હાસી !??"

બેરાલાલનો વધારે એક બાઉન્સર સામે આવ્યો.

"જૂઓ, જેમને જેમને ખુરશી મળી છે ને એમને ખુરશીનો પાવર આવ્યો જ છે. પછી, એ પાવર પોતાનો હોય કે પછી ખુરશીનો. પણ, પાવર આવ્યાં વગર રહેતો નથી."

"તો પછી, એમ કહોને કે, ખુરશીમાં પાવર હોય છે. એટલે આ ભાઈ ખુરશી લઈને ભાગી રહ્યાં છે.

એ... લ્લા..!! હવે મને મોડી મોડી ટ્યુબલાઈટ થઈ કે, કેજરીવાલને આ જનમમાં તો ખુરશી છોડવી નહોતી. પણ છોડવી પડી. અને જ્યારે એમણે ખુરશી છોડી ત્યારે લાખો કરોડો રૂપિયાનો સરકારી પાવર જેમાં ભરેલો હતો ઈ હંધોય સામાન એની હારે લઈ ગયાં હતાં. (એવું ટીવી વાળા કહેતાં હતાં) એટલે ટ્રૂડો પાવરવાળી ખુરશી હારે લઈ જતાં હશે."

અમથાલાલે માથું કૂટયુ.

"અરે ભાઈ, તમે ત્યાંના નિયમને સમજો.

ત્યાં એવો નિયમ છે કે, વડાપ્રધાન ખુરશી છોડે એટલે એણે જે ખુરશીમાં બેસીને સત્તા ભોગવી હોય એ ખુરશી લઈને જ સત્તા છોડવી પડે છે. એટલે ટ્રૂડો ખુરશી લઈને ભાગે છે." બેરાલાલે પોતાનો કાન પકડીને કહ્યું.

"હવે મને સમજાયું કે, આવો નિયમ કેમ બનાવ્યો છે ? ઈ ખુરશી વગર નીંદર ના આવે એટલે."

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

# ૨૦ વાત.... જે જીંદગી બદલી નાખશે



જીવન સાથે જોડાયેલ એવી કંઇ કેટલીય નાની - નાની વાતો હોય છે, જે જીવન પ્રત્યે એક નવો જ દ્રષ્ટિકોણ દર્શાવે છે, આપણી રોજબરોજની જીંદગીમાં એવી કેટલીક વાતોથી આપણે આકુળ - વ્યાકુળ બનીને નાસીપાસ થતાં રહીએ છીએ. કયારેક એના કારણે જીંદગીમાં સુખદ બદલાવ પણ આવે છે, આજના આ દિશાદર્પણ દ્વારા એવી વાતો - બાબતોને સમજવાની કોશિષ કરીએ...

(૧) જીવનમાં નાની - નાની વાતોને નજર અંદાજ કરતાં શીખો. કેટલીકવાર એવી વાતોને અકારણ મહત્વ આપીને આપણે બીજાની સાથે સાથે આપણું મન - મગજ પણ બગાડીએ છીએ.

(૨) પતિદેવનું લંચબોક્ષ તો તમે હંમેશા તૈયાર કરીને તેમની બેગમાં મૂકો છો, પણ કયારેક લંચબોક્ષની સાથે મૂકો એક નાનો પ્યાર ભર્યો પત્ર પછી જુઓ, સાંજે પરત આવે ત્યારે તેમના ચહેરાની ચમક અને મંદ-મંદ સ્મિત, વાત જ કંઈ ઓર બનશે.

(૩) ખોટા વાયાદાથી બચો. જો કોઇ યુવક આપને વારવાર બહાનાં બતાવી રહ્યો હોય કે આમ થશે તો લગ્ન કરી લઇશ, પેલું કામ પતે એટલે લગ્ન કરી લઇશ, તો એવા બહાનાંબાજથી બચો. કેટલીકવાર આવા ખોટા વચનોથી ઉંમરનો સોનેરી દોર જતો રહે છે અને અંતે ખબર પડે છે કે આપની સાથે દગો થયો છે. પછી નથી કોઇ તમન્ના રહેતી કે ન કોઇ ઉમંગ, એટલા માટે આવાં માણસોથી બચો.

(૪) જયારે ઘરમાં કોઇ સેલિબ્રેશન હોય, તો એવાં ફંકશનમાં કિલક કરાયેલ ફોટોમાંથી ખાસ ખાસ મહેમાનોની ચુનંદી તસવીરો સિલેકટ કરીને તેમને મોકલો, પછી જુઓ, સંબંધોમાં કેવી મિઠાશ ફેલાય છે.

(૫) જો કોઇ વ્યકિત પર બેહદ ગુસ્સો આવી રહ્યો હોય, તો તમારી બધી ભડાસ એક પત્રમાં લખો અને પછી જયારે એવું લાગે કે હવે મન - મગજ શાંત થઇ ગયું છે, તો પત્રને ફાડીને ફેંકી દો.

(૬) જયારે તમારાથી કોઇ ભૂલ થઇ જાય, તો તેને સુધારવાની કોશિષ તરત જ કરો, કોઇની પાસે માફી માગવાની હોય, તો તેની આંખોમાં જોઇને માફી માગો.

(૭) આમ તો કોઇપણ વ્યકિતને પોતાની ખામીઓ વિશે સાંભળવું ગમતું હોતું નથી. પણ જો તમે તમારી સાવ નજીકની વ્યક્તિ દ્વારા આપનામાં જરૂરી બદલાવ લાવવાની આશા રાખતા હોવ, તો તેમને સમય આપો અને તેમને કહો કે તમારી ખામીઓ કહે અને તમે શાંતિથી સાંભળી - સમજી તમારામાં જરૂરી બદલાવ લાવો.

(૮) વખાણ કરવા અને પ્રોત્સાહન આપવું એ બંને એવાં કામ છે, જેના દ્વારા તમે ઇચ્છો તો દરેકના પ્યારા બની શકો છો. જયારે તમે કોઇની પ્રશંસા કરો છો, ત્યારે મનમાંથી કેટલાય પૂર્વગ્રહ ખતમ થઇ જાય છે અને શરીરમાં એવો રસાયણોનો પ્રવાહ વધી જાય છે, જે આપને ખુશ રાખવામાં જવાબદાર હોય છે.

(૯) જો આપના કોઇ સહેલી કે ભાઇબંધ નિરાશ - હતાશ હોય કે ડિપ્રેશનમાં હોય, તો તેને રાઇટિંગ પેડ કે ડાયરી ગિફટમાં આપો, જેના દરેક પેજ પર સારા - પોઝિટીવ કોટેશન્સ કે પછી પ્રેરક અને સકારાત્મક વાત - વિધાન લખ્યું હોય.

(૧૦) વડીલો સાથે હંમેશા માન - આદરથી વાતો કરો. તેઓ શું કહેવા ઇચ્છી રહ્યા છે, પહેલાં તેમને સાંભળો, પછી તમારી વાત તેમની સમક્ષ મૂકો.

(૧૧) બાળકોને ખુશ કરવા માટે કયારેક - કોઇક દિવસ, ઘરના એવા ખૂણામાં જ્યાં આપના દીકરા - દીકરીની નજર પડતી હોય ત્યાં એક પ્યારભરી ચીઠ્ઠી મૂકી દો, જેના પર લખેલી કોઇ પ્યારભરી કે મજાકભરી વાત અને સાથે રાખેલી હોય એમની ફેવરીટ ચોકલેટ....

(૧૨) જો આપનો કોઇ ફ્રેન્ડ, સંબંધી કે પાડોશી બીમાર હોય, તો સમય ફાળવીને તેમની તબિયત પૂછવા - જોવા અવશ્ય જાવ, જો શકય હોય તો તેમની પસંદગીની કોઇ વાનગી ઘરેથી બનાવીને લઇ જાવ.

(૧૩) ઘરે આવેલા મહેમાનોનું સ્વાગત ખૂબ જ ઉષ્માપૂર્વક કરો અને તેમને પૂરતો સમય આપો. તેમની વાતોને પ્રેમપૂર્વક સાંભળો, તેમની પરેશાનીઓને પણ ધ્યાનમાં રાખી નિવારણ કરો જેથી ફરીવારની મુલાકાતમાં તેમને જે-તે વિષય પર પૂછી ખબર-અંતર લઇ શકાય.

(૧૪) જીંદગીમાં મળેલ અસફળતાઓને એમ જ ભૂલી ન જાવ, એના કારણો શોધીને, ભવિષ્યમાં બીજીવાર એ જ ભૂલો ન થાય એ ધ્યાન રાખો. મોટી - મોટી હસ્તીઓ જોખમોમાંથી જ ઘડાઇને આગળ આવી છે.

(૧૫) જો આપના કોઇ સગા સંબંધી કે મિત્ર કોઇ બુરી આદતના શિકાર બની રહ્યા હોય, ને તેમને સમજાવવામાં આપને બીક લાગતી હોય તો તમે કોઇ ત્રીજી નજીકની વ્યક્તિની સહાયતા લઇને તેની મદદ કરી તેને બચાવી શકો છો.

(૧૬) કોઇપણ સંબંધ મજબૂત અને ગરિમાપૂર્ણ બનાવીને જાળવી રાખવામાં સકારાત્મક વાતચીત થવી બેહદ જરુરી છે એટલે, હંમેશા આપના નજીકની વ્યક્તિઓ સાથે વાતચીતનો દોર જાળવી રાખો.

(૧૭) નવી વિચારધારાઓને અપનાવતા રહો. જીંદગીમાં પરિવર્તન જરૂરી છે. કોઇપણ કઠિન પરિસ્થિતિનું નિવારણ આપણે ત્યારે જ શોધી શકીશું, જયારે આપણે આપણી વિચારધારામાં બદલાવ લાવીશું, હેલ્થી લાઇફ જીવવાનો મતલબ છે કે આપણે આપણી જૂની વિચારધારા અને કામ કરવાની શૈલીમાં બદલાવ લાવતા રહીએ.

(૧૮) મેડિટેશન અવશ્ય કરો. એમાં યોગની સાથે સંગીત દ્વારા સુખદ બદલાવ મહેસૂસ કરશો.

(૧૯) કયારેક પરેશાનીઓને કારણે જોશમાં કંઇક ખોટું કરી પણ દો, તો પછીથી એના માટે પોતાની ભૂલને સ્વીકારીને અફસોસ અવશ્ય કરો, કયારેય તમારા અત્મવિશ્વાસને ડગમગવા ન દો, કેમકે ભરપૂર આત્મવિશ્વાસ વ્યક્તિને દરેક પરેશાનીઓથી બચાવી લે છે.

(૨૦) ઓર્ડર કરીને કામ કરવાને બદલે જો આપણે સૌમ્ય વ્યવહાર દ્વારા કોઇની પાસેથી સહયોગ માગીશું, તો અન્ય પણ તમને મદદ કરવા તૈયાર થશે. સાચી અને સંતુલિત વ્યવહાર કુશળતા પરસ્પરના સંબંધોને મધુર બનાવે છે ને સાથોસાથ મજબૂત પણ...!

તો ચાલો... ઉપરોકત વીસે - વીસ વાતોનો અમલ કરવાનું ચાલુ કરી દો ને બદલી નાખો આપની લાઇફ અર્થાત જીંદગી અર્થાત જીવન...!

I Love જીંદગી...!!!

Best of luck....!!

પ્રવાસનામા
જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com

# ખિસકોલીની પાર્ટી



એક હતી ખુશી ખિસકોલી. ચુલબીલી ને મોજીલી. આખો દિવસ આમતેમ દોડ્યા કરે. બધાંય સાથે સંપીને રહે ને રમે. એને દોસ્તો સાથે મજા કરવી ખુબ ગમતી. હરે, ફરે ને વાતોએ ચડે. સૌને પણ ખુશી ખિસકોલી ખુબ ગમતી.

એક દિવસ એને વિચાર આવ્યો, 'બધાય મિત્રો મને બોલાવે છે. નાસ્તો કરાવે ને જમાડે છે. મારે પણ કંઈક કરવું જોઈએ. જેથી બધા મિત્રો મારા ઘેર આવે ને મજા કરે!' એમ વિચારી એણે પાર્ટીનું આયોજન કરવાનું વિચાર્યું.

એ તરત જ પાર્ટી માટેની તૈયારીમાં લાગી ગઈ. એ કાગળ અને રંગ લઈ આવી. એ પાર્ટી કાર્ડ બનાવવા લાગી. જોતજોતામાં એણે રંગબેરંગી ઘણાં કાર્ડ બનાવી દીધાં. કાર્ડ પર રંગબેરંગી અક્ષરોથી લખ્યું હતું - 'રિમઝીમ પાર્ટી'. ખુશી દડબડ દડબડ કરતી દોડી પોતાના મિત્રોને ઘેર. પીકુ પોપટ, ચકુ ચકલી, પિંકી પતંગિયું, કલ્લુ કાગડો, મોન્ટુ મોર, વીકી વાંદરો એમ એક પછી એક બધાંય મિત્રોને આમંત્રણ આપી આવી. આમંત્રણ આપતાં કહે, "જો જો પાછા, જરૂર આવજો હોં! તમને બધાને ખુબ મજા પડી જાય એવી પાર્ટી રાખી છે! સંગીતનો જલશો, નૃત્ય ને ચટપટી ખાણીપીણી. બધા આવી જજો."

"અરે ખુશીબેન! તમે તો કાર્ડ પણ સરસ બનાવ્યું છે ને!" - ચકુ ચકલી બોલી. "હા હા! મને થયું મિત્રોને બોલાવવા જ છે તો લાવને સરસ મજાનું કાર્ડ ચીતરું."

પાર્ટી માટે બધાંએ તૈયારીઓ શરૂ કરી. પીકુએ ફળો ભેગાં કર્યાં. પિંકીએ ફૂલોથી બગીચો સજાવ્યો. મોન્ટુ સંગીતનાં સાધનો લાવ્યો. ચકુ તો નાચગાન માટે પ્રેક્ટિસ પણ કરવા માંડી.

આખરે પાર્ટીનો દિવસ આવી ગયો. બધાં સજીધજીને તૈયાર થતાં હતો. ખુશીની પાર્ટીમાં જવાનો સૌને આનંદ હતો. પણ અચાનક પવન ફૂંકાવા લાગ્યો. આકાશમાં કાળાં વાદળો ઘેરાવા લાગ્યાં. અચાનક બદલાયેલું વાતાવરણ જોઈ ખુશીને ચિંતા થવા લાગી. બધાં પક્ષીઓ પણ વિચારવા લાગ્યાં, 'આ ખુશીબેનની પાર્ટીનું શું થશે! બિચારાં ખુશીબેન! એમને પાર્ટીનો કેટલો આનંદ હતો!' પવન અને વરસાદનું જોર એટલું હતું કે પાર્ટીની બધી તૈયારીઓ પર પાણી ફરી વળ્યું. થોડીવાર પછી બધું શાંત થઈ ગયું.

ખુશી ઝાડની ડાળી પર પાંદડાં વચ્ચે લપાઈને બેઠી હતી. તે ઘણી નિરાશ થઈ ગઈ. એટલામાં ઢોલ-નગારાંનો અવાજ સંભળાયો. ખુશીએ બેઠા થઈને જોયું તો એના મિત્રો તૈયાર થઈને વાજતેગાજતે આવી રહ્યા હતા. એમને જોઈ ખુશીના જીવમાં જીવ આવ્યો. એ દડબડ દડબડ કરતી નીચે ઊતરી. બધાંએ આવીને કહ્યું, 'ખુશીબેન તમે જરાય ચિંતા ન કરશો. પાર્ટી તો થઈને જ રહેશે. અમે છીએને!' એમ કહી વળી પાછાં બધાં કામે વળગ્યાં. ઘડીભરમાં બધાંએ બધું સંભાળી લીધું. પીકુએ ફળો ભેગાં કર્યાં. પિંકીએ ફૂલોથી બગીચો સજાવ્યો. મોન્ટુ સંગીતનાં સાધનો લાવ્યો. જોતજોતામાં બધું ફરીથી હતું એમ ગોઠવાઈ ગયું. ખુશીની ખુશીનો પાર ન રહ્યો. આખરે ખુશીની પાર્ટી શરૂ થઈ. બધાંએ મજા કરી. ગીતો ગાયાં, નૃત્ય કર્યાં, રમ્યાં અને મીઠાં ફળો ખાધાં. ખુશીએ પાર્ટીમાં જોડાવા અને સફળ બનાવવા બદલ સૌનો આભાર માન્યો.

રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

ઈફ્કોના ડીરેક્ટરો અમર ડેરીનો પ્લાન્ટ જોઈ પ્રભાવિત થયા

# અમર ડેરી ખાતે ઈફ્કોના ચેરમેન, ડીરેક્ટરોનુ ગામઠી રીતભાતથી સ્વાગત

અમરેલી,તા.૦૮

અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.અમર ડેરી ખાતે રામનવમીનાં દિવસે ઈફ્ફો ચેરમેન દિલિપભાઈ સંઘાણી અને ઈફ્ફો બોર્ડ મેમ્બર વિજય શંકર રાય, પ્રહલાદસિંહ, પ્રેમચંદ્રા મુનશી, ઉમેશભાઈ ત્રિપાઠી, જગદીપસિંહ નકાઈ, ભાવેશ રાદડીયા, બાલ્મિકી ત્રિપાઠી, ડો.વર્ષા.એલ. કસ્તુરકર,રામનિવાસ ગ્રહવાલ, રીશીરાજ સિંહ, વિવેક કોલ્હે, એસ.શક્તિવેલ, એ.કે.ગુપ્તા, કે.જે.પટેલ, અજય મિશ્રા, જી.જે.ગૌતમ, સંતોષકુમાર શુકલા,અંતેશકુમાર,આર.એસ. અસ્વાલ સહીતનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમ અમર ડેરીનાં ચેરમેન અશ્વીન સાવલીયાનાં માર્ગદર્શન નીચે ડો.આર.એસ.પટેલે





મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરીને અમર ડેરી વિશેની વિસ્તૃત માહીતિ આપીને સંબોધીત કર્યા હતા, તેમજ ઈફકોનાં બોર્ડ ઓફ ડિરેકટર્સએ દુધ પ્રોસેસીંગ પ્લાન્ટ,આઈ. વી.એફ પ્રોજેક્ટ,હની ફાર્મ અને ટર્નિંગ સેન્ટરની મુલાકાત કરીને ખુબ પ્રભાવિત થયા હતા,વધુમાં તેઓએ જણાવેલ કે અમોનાં રાજયમાં બોર્ડને રજુઆત કરીશુ કે ખેડૂત-પશુપાલકો સહકારી ધોરણે ઉતમ વ્યવસ્થા જોવા માટે અમર ડેરી અમરેલી ખાતે મુલાકાત કરવી જોઈએ.

આ કાર્યકમ અમર ડેરી ખાતે કાઠીયાવાડી રીતભાતથી સાંજના સમયે ઢોલીયા પાથરીને બેઠક ગોઠવવામાં આવેલ હતી. આ કાર્યકર્મમાં અમરેલી જીલ્લ્લા સહકારી સંઘનાં ચેરમેન મનિષભાઈ સંઘાણી,અમરેલી જીલ્લ્લા ખરીદ વેચાણ સંઘનાં પ્રમુખ જયતીભાઈ પાનસુરીયા,અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, અમરેલી તાલુકા ખેતી બેંકનાં ચેરમેન ધીરૂભાઈ વાળા,અમરેલી જીલ્લા બેંકનાં વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ,અમર ડેરીના ડિરેક્ટરો, જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં સી.ઈ.ઓ બી.એસ. કોઠીયા,અમર ડેરીનાં જનરલ મેનેજર ધાર્મિકભાઈ રામાણી સહીત સંઘનાં અધિકારી ગણની ઉપસ્થિતિમાં યોજાયો હતો

## ઉનાના જુડવડલી ગામે ૬૦૦ લોકોની હાજરીમાં મંડપ ધરાશાયી થયો



તસ્વીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૦૮

રામદેવજી મહારાજના ધાર્મિક કાર્યક્રમ કોઈ જાનહાનિ નહીં ગીર ગઢડા તાલુકાના જુડવડલી ગામે આજે એક મોટી દુર્ઘટના ટળી હતી. રામદેવજી મહારાજના ધાર્મિક કાર્યક્રમ માટે મંડપ ઉભો કરવામાં આવી રહ્યો હતો ત્યારે અચાનક જ મંડપ ધરાશાયી થયો હતો. કાર્યક્રમનું આયોજન લાલજીભાઈ સાખટ અને મિત્રો દ્વારા થયું હતું. બપોરના સમયે જ્યારે મંડપ ઊભો કરવામાં આવી રહ્યો હતો, ત્યારે આ ઘટના બની હતી અને ત્યારે ત્યાં ૬૦૦થી વધુ લોકો હાજર હતા. મંડપ પડતાં જ લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. સદભાગ્યે, આ ઘટનામાં કોઈને પણ નાની-મોટી ઈજા થઈ નથી.

## રાજયમાં સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અમલમાં મુખ્યમંત્રીએ મહત્વના નિર્ણયો કર્યા

ગાંધીનગર,તા.૦૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે. વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે. રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/-ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટની તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણી રકમ વસૂલ કરવામાં આવશે.

## ટીંબીમાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ સહાય અર્પણ

રાજુલા,તા.૦૮




તસવીર : ગોપાલ રાઠોડ

ટીંબી ગામના રહેવાસી મોહનભાઈ પાચાભાઈ જાદવના દુઃખદ અવસાન બાદ, તેમના પરિવારને ટીંબી એસબીઆઈ બેંક દ્વારા પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત રૂ.૨ લાખનો ક્લેઈમ ચૂકવવામાં આવ્યો. આ કપરી પરિસ્થિતિમાં પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવાના પ્રયાસને સાર્થક કરતા, બેંક દ્વારા મૃતકના વારસદાર વાલબાઈબેન મોહનભાઈ જાદવને આ ક્લેઈમનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

## અમેરિકામાં એસજીવીપી ગુરુકુલ ખાતે પૂ. માધવપ્રિયદાસજીની ઉપસ્થિતિમાં ૭૧ સુંદરકાંડ અનુષ્ઠાન પૂર્ણાહુતિ કરી

જી.એન.એસ. અમેરિકા,તા.૦૮



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ના અધ્યક્ષ સ્વામી પૂ. માધવપ્રિયદાસજી અમેરિકાની સત્સંગ યાત્રાએ પધાર્યા છે. જ્યોર્જિયાના સવાનામાં ગુરુકુલમાં 'શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર' છે. અહીં ૧૮ એકર વિસ્તારમાં માનસરોવર છે. માનસરોવરની મધ્યમાં સર્વેશ્વર ધામનું નિર્માણ કરવામાં આવેલ છે. મહાદેવજી દ્વાદશ જ્યોર્તિલિંગ સ્વરૂપે બિરાજે છે. હવે અહીં સર્વેશ્વર ધામમાં ચૈત્રી પૂર્ણિમાએ ભગવાન શ્રીહરિના દશાવતાર, બર્ફાની બાબા અમરનાથ મહાદેવ તથા શ્રી હનુમાનજી મહારાજની વિશાળ મૂર્તિની પ્રતિષ્ઠા કરાશે. આ પ્રતિષ્ઠા મહોત્સવના અનુસંધાને સ્વામીશ્રીની આજ્ઞાથી અહીં સેવારત સંતો, સાધુ ભક્તિવેદાંતદાસજી, સાધુ શુકલવલ્લભદાસ વગેરેની પ્રેરણાથી સવાનામાં નિવાસ કરતા ભાવિક ભાઈ-બહેનોએ સુંદરકાંડના ૭૧ પાઠ કર્યા, હનુમાન ચાલિસાના ૧,૧૧,૦૦૦ પાઠ કર્યા હતા.

## રાજકોટમાં મનપા કતલખાના બંધ કરાવવામાં નિષ્ફળ રહેશે તો 'હિન્દ રક્ષક સંઘ' કાર્યવાહી કરશે

રાજકોટ,તા.૦૮



રાજકોટમાં 'હિન્દ રક્ષક સંઘ' દ્વારા મહાવીર જયંતિના પર્વ નિમિત્તે મનપા દ્વારા કતલખાના, માંસાહારના વેચાણ કે સંગ્રહ પર પ્રતિબંધ મૂકવા માટે અને આ તહેવારના દિવસે મનપાનાં જાહેરનામાનો ભંગ ન થાય તે માટે કમિશનર અને કલેકટરને આવેદન પાઠવવામાં આવ્યું હતું. જેમાં સંઘનાં રાષ્ટ્રીય અધ્યક્ષા ડૉ. સીમાબેન પટેલ, ગુજરાત સચિવ કેતનભાઈ સંઘવી, સૌરાષ્ટ્ર પ્રાંત એડવોકેટ સેલ મહાસચિવ એડવોકેટ ત્રિવેણીબેન રાઠોડ, 'હનુમંત સેના'નાં રાજકોટ શહેર ઉપાધ્યક્ષ વિશાલભાઈ કવા, 'દુર્ગાસેના'નાં રાજકોટ જિલ્લા ઉપાધ્યક્ષ હંસાબેન વાળા, હનુમંત સેના રાજકોટ શહેર મહાસચિવ ભૌદીપભાઈ આગેચા વગેરે કાર્યકરો અને સનાતનીઓ ઉપસ્થિત રહ્યા હતા. જો, મનપા દ્વારા આ તહેવારોમાં રાજકોટ ખાતે મોટાપાયે ચાલતા કતલખાના અને માંસ, મટન, ચિકન અને મચ્છી વેચાણ બંધ કરવામાં નિષ્ફળ રહેશે તો સંઘના પદાધિકારીઓ અને કાર્યકરો તંત્રને સાથે રાખી માંસાહારનું વેચાણ કરતા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરશે એમ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## ગોંડલના જૂના માર્કેટ યાર્ડમાં ઈકો કારમાં આગ લાગી

ગોંડલ,તા.૦૮



તસ્વીર : ભોજાણી દેવાંગ

ગોંડલના જૂના માર્કેટ યાર્ડમાં મરચાની ખરીદી પૂર્ણ કરીને ઘર માટે કેસર કેરી ખરીદવા આવેલા મહેસાણાના જોટાણાના વેપારી હસમુખભાઈ અંબાલાલ પટેલની ઈકો કારમાં આજે આગ લાગી હતી. કેરી ખરીદવા પાર્ક કરેલ ઈકો કારમાં ઓચિંતા આગ ભભૂકી ઉઠી હતી. કારમાં આગ લાગ્યા બાદ કાર ૧૦૦ ફૂટ કરતા વધુ રસ્તા ઉપર દોડી હોવાનું કહેવાય છે. ગોંડલ નગરપાલિકા ફાયર બ્રિગેડે ઘટના સ્થળે દોડી જઈને આગ ઉપર કાબૂ મેળવ્યો હતો, પરંતુ આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી.

આગને કારણે કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી પરંતુ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

## વેરાવળમાં જિલ્લા કલેકટરના બંગલા સામે સામાજિક કાર્યકરે આત્મવિલોપનનો પ્રયાસ

ગીર સોમનાથ,તા.૦૮



તસ્વીર : કુલદીપ પાઠક

ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ ગામના જાગૃત નાગરિક મનુભાઈ પરમારની ગામના પૂર્વ સરપંચ ભીખાભાઈ ગોહિલ સામે ભ્રષ્ટાચાર અંગે તપાસની માંગણી છેલ્લા કેટલાક સમયથી કલેકટર સામે કરી હતી, જે ન સંતોષાઈ હોવાથી આજે મનુભાઈએ પૂર્વે જણાવ્યા મુજબ વેરાવળમાં કલેકટરનાં બંગલા નજીક આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો, જેને પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો.

ગત લોકસભાની ચૂંટણી સમયે તેમણે કલેકટરને પોતાના ગામનાં પૂર્વ સરપંચ ભીખાભાઈ કાળાભાઈ ગોહિલ અને તેમના પત્ની હંસાબેન દ્વારા તેમના સમયમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાની લેખિત ફરિયાદ આપી હતી. આમ છતાં આજ દિવસ સુધી કલેકટર દ્વારા કોઈ કાયદેસરના પગલાં ભર્યા ન હોવાનો આક્ષેપ મનુભાઈ કરી રહ્યા છે. મનુભાઈએ આજે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, 'મારી વારંવારની લેખિત મૌખિક ફરિયાદ છતાં કલેકટરે કોઈજ ઠોસ પગલાં અમારા ગામના પૂર્વ સરપંચ સામે ભર્યા નથી. કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા અને ભીખાભાઈ મિત્રો હોવાને નાતે કલેકટર ભીખાભાઈના ૧૫ વર્ષનાં સાશનમાં ગોહિલની ખાણ ગામે આચરેલા લાખોના ભ્રષ્ટાચાર ને છાવરી રહ્યા છે.' પોતાની યોગ્ય રજુઆત કલેકટર કાને ધરતા ન હોય ના છૂટકે મનુભાઈ પરમારે આજે વેરાવળ ખાતે આત્મવિલોપન નો પ્રયાસ કર્યો હતો.જે પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો.જોકે આ ઘટના ને લઈ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં ચકચાર મચી છે.


-//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૮/૨૦૨૫

અરજદાર :- શ્રી નવનીતરાય બાબુભાઈ આડતીયા
રહે. જેસીંગપરા શેરી નં.૧, તા./જી. અમરેલી.

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી, તા./જી.અમરેલી.

::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં નવનીતરાય બાબુભાઈ આડતીયા, તેમના બહેનશ્રી શોભા બાબુભાઈ આડતીયાનો જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૬)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૭/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(જી.જી.બાવીસા)
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર


## બીન ખેતી પ્રક્રિયામાં જમીનધારકને જમીનનું મહેસુલી પ્રમાણપત્ર ઝડપથી મળશે : મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૦૮



રાજ્ય સરકારે ખેડૂતો, સામાન્ય નાગરિકો અને મધ્યમવર્ગીય પરિવારો માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. રાજ્યમાં મહેસુલી પ્રક્રિયામાં સરળીકરણ, સામાન્ય નાગરિકોની સુગમતાના અભિગમ સાથેના નિર્ણયોથી ઔદ્યોગિકરણ અને વ્યાપાર, ધંધા-રોજગાર તેમજ અફોર્ડેબલ હાઉસિંગની પ્રક્રિયાને વધુ વેગ મળશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, 'રાજ્યમાં ખેતીના હેતુ માટે ધારણ કરેલી નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તાપ્રકારની જમીનના વેચાણ, તબદીલી તથા હેતુફેર/ શરતફેરના કિસ્સાઓમાં સંબંધિત કલેક્ટર કે યથા પ્રસંગ સરકારની નક્કી કરેલ શરતોને આધીન પૂર્વમંજૂરી લેવાની પ્રથા હાલ અમલમાં છે. ઉપરાંત આવી જમીનો શરતફેર કરવાના સમયે ખેડૂતોને જરૂરી પ્રિમિયમ પણ ભરવાનું રહે છે.'ઋષિકેશ પટેલે જણાવ્યું કે,'રાજ્યની મહાનગરપાલિકાઓ, શહેરી સત્તા મંડળના વિસ્તારો તથા ભાવનગર, જામનગર અને જૂનાગઢ વિસ્તાર વિકાસ મંડળ સિવાય રાજ્યમાં સમગ્ર વિસ્તારની નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તાપ્રકારની જમીનો હવેથી જૂની શરતની ગણાશે. આના પરિણામે ખેડૂતોને ખેતી તથા બિનખેતી હેતુ માટે શરતફેર કરવા માટે ભરવાપાત્ર પ્રિમિયમમાંથી મુક્તિ મળશે.

આવી જમીનો અંગે જે તે મામલતદારે જમીનને જૂની શરતમાં ફેરવવા માટે સ્વમેળે નોંધ પાડવાની રહેશે.' ખેડૂતો અને સામાન્ય નાગરિકોને જમીનની ખરીદી, વેચાણ તબદીલી માટે શરતફેરની વહીવટી પ્રક્રિયા ખૂબ જ સરળ બનશે. બિનખેતી હેતુ માટે પ્રિમિયમને પાત્ર જમીનો ઉપર ઉદ્યોગ, ધંધા,વેપાર સ્થાપવા માટે જૂનીશરતમાં ફેરવવાની જરૂર નહીં રહેવાના કારણે ઔદ્યોગિકરણ તથા વિકાસને વેગ મળશે, રોજગારી તથા રાજ્યનો જી.ડી.પી. પણ વધશે. નાના ખેડૂતો કે જમીન ધારકોના જીવન ધોરણમાં સુધારો થશે અને જમીનધારકોને વેચાણ સમયે પૂરતું મૂલ્ય મળશે. તથા સરકારી કચેરીઓમાં પ્રિમિયમ ભરવા જવામાંથી મુક્તિ મળશે.




# લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં રાજકીય પક્ષોને ૪૦૪ કરોડ અને ભાજપને ૪૦૧ કરોડનું ડોનેશન

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૮

૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે રાજકીય પક્ષોને ૨૫૪૪.૨૭ કરોડ રૂપિયાનું જંગી ડોનેશન મળ્યું હતું, જેમાં ૨૦,૦૦૦ રૂપિયાથી વધુનું ડોનેશન પણ સામેલ હતું. આમાંથી, ૨૦૨૩-૨૪માં ગુજરાતના રાજકીય પક્ષોને ૪૦૪.૫૧ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, જેમાં ભાજપને ૪૦૧.૯૮ કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે કોંગ્રેસને માત્ર ૨.૪૫ કરોડ રૂપિયા મળ્યા હતા.




આમ આદમી પાર્ટીને ૦.૦૭૫ કરોડ રૂપિયા મળ્યા હતા.આંકડા મુજબ, ગુજરાતમાંથી કુલ ૨૧૫૩ ડોનેશનમાંથી, ભાજપને ૨૧૧૩ ડોનેશન મળ્યા હતા જ્યારે કોંગ્રેસને ૩૫ ડોનેશન મળ્યા હતા. રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પંચને સુપરત કરાયેલા દાનની વિગતોનું વિશ્લેષણ કરતા, એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સએ મુજબ ભાજપ દ્વારા જાહેર કરાયેલ ડોનેશનની રકમ કોંગ્રેસ, આપ અને સીપીઆઈ એમ દ્વારા પ્રાપ્ત થયેલા કુલ ડોનેશનનાં છ ગણી છે. કોર્પોરેટ અને વ્યક્તિઓ તરફથી કુલ ૧૨,૫૪૭ ડોનેશન મળ્યા હતા, જેમાંથી ૮,૪૫૮ લોકોએ ભાજપને અને ૧૯૯૪ લોકોએ કોંગ્રેસને ડોનેશન આપ્યું હતું.

## હિટવેવનું એલર્ટ : રાજયના ૧૦ શહેરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર

અમદાવાદ,તા.૮

રાજ્યના ૧૦ શહેરમાં ૪૦ ડિગ્રીથી વધુ ગરમી નોંધાઈ છે. વાત કરીએ રાજકોટમાં તો તાપમાનનો પારો ૪૪.૨ ડિગ્રીએ પહોંચ્યો છે જ્યારે ડીસામાં ૪૩.૨, વડોદરામાં ૪૧.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ભુજમાં ૪૨.૯, ગાંધીનગરમાં ૪૨.૯ ડિગ્રી અને સુરતમાં ૪૦.૪, અમદાવાદમાં ૪૨.૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજ્યમાં ગરમીનો પારો ઉચકાયો છે ત્યારે વધુ ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે.

## અમરેલી સહિત રાજયના ૧૮૨ પીએસઆઈની બદલીના આદેશ

**અમરેલી જિલ્લામાંથી ત્રણ પીએસઆઈને અન્ય જિલ્લામાં મુકવામાં આવ્યા**

અમદાવાદ,તા.૦૮

રાજ્યમાં પોલીસ વિભાગમાં એક બાદ એક બઢતી અને બદલીના નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. સોમવારે PSIને હંગામી બઢતીના આદેશ કરાયા બાદ આજે (૮ એપ્રિલે) રાજ્યના અલગ અલગ જિલ્લામાં ફરજ બજાવતા ૧૮૨ બિનહથિયારધારી પોલીસ સબ ઈન્સપેક્ટરની બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે. અમરેલી જિલ્લામાંથી પણ પીએસઆઈની બદલી કરવામાં આવી છે. જેમાં એસ.આર.ગોહિલને રાજકોટ ગ્રામ્ય, ફરીદાબેન કથીરીને આઈ. બી, એલ.કે.સોઢાતરને રાજકોટ શહેરમાં મુકવામાં આવ્યા છે. જયારે શિલ્પાબેન જાનીને છોટા ઉદેપુરથી અમરેલી મુકવામાં આવ્યા છે.

# વડોદરા નજીક બાઈક-ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત : ત્રણ યુવકોના ઘટનાસ્થળે જ મોત

વડોદરા,તા.૮

વડોદરા પાસે આંકલાવમાં બાઈક પર સવાર ત્રણ યુવકોના અકસ્માતમાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે.

ટ્રેક્ટરે ટક્કર મારતા ત્રણ યુવકો ત્યાં જ મોતને ભેટ્યા હતા. ત્રણેય યુવકો સંખ્યાડ ગામમાં માતાજીના માંડવામાં જઈ રહ્યા હતા, ત્યારે કાળ ભરખી ગયો. પ્રાપ્ત માહિતી અનુસાર, આંકલાવના બામણગામ પાસે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ



યુવકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ગંભીર ઈજાઓ પહોંચતા ત્રણ યુવકો ઘટના સ્થળે જ મોતને ભેટ્યા હતા. બામણગામ અંબાઈકુઈ પાસે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રેક્ટરે બાઈકને ટક્કર મારતાં બાઈક પર સવાર ત્રણ યુવકો રોડની સાઈડ પર ફંગોળાયા હતા. મૃતક ત્રણેય યુવકો પાદરાના મુજપુર ગામના વતની છે. યુવકો મોટી સંખ્યાડ ગામમાં માતાજીના માંડવામાં જઈ રહ્યા હતા, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. ત્રણેય યુવકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આંકલાવ પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

## ઉપલેટના ભાખ ગામે ગરમીને કારણે શ્રમિકનું મોત

ઉપલેટા,તા.૦૮

ઉપલેટા તાલુકાના ભાખ ગામે વાડી વિસ્તારમાં બપોરના સમયે ખેતરમાં કામ કરી રહેલા ખેડુત રામભાઈ શોમજીભાઈ ગણાવા (ઉ.વ.૪૦)ને અચાનક ચકકર આવી જતા તેમને સારવારમાં ખસેડતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તેમનું મોત નિપજયું હોવાનું સામે આવ્યું છે. રામજીભાઈ મૂળ મધ્યપ્રદેશના વતની હતા પરંતુ તેઓ ભાખ ગામે ધીરૂભાઈની વાડીમાં રહેતા અને ત્યાં ખેત મજુરી કરતા હતા. ગઈકાલે સવારથી તેઓ કામ કરી રહ્યા હતા.

